વિકલ્પ સંગમ સામાન્ય સભા (અંતે જણાવેલ સૂચી મુજબ)ના સભ્યો દ્વારા

# ઉચિત,ન્યાયસંગત અને ટકાઉ ભારત માટે લોકોનું ઘોષણાપત્ર

નવેમ્બર,૨૦૨૩

વિકલ્પ સંગમમ પ્રક્રિયા એ ઉચિત, માનવીય અને પર્યાવરણીય સુખાકારી માટેના ન્યાયસંગત અને ટકાઉ માર્ગો બાબતે કાર્યરત ઝુંબેશ, સમુહો અને વ્યક્તિઓને એકઠા કરવા માટેનો મંચ છે. વિકાસનાં પ્રવર્તમાન પ્રારૂપ અને અસમાનતાનાં માળખાં અને તે હેઠળના અન્યાયને નકારે છે અને પ્રથા અને દ્રૂષ્ટીમાં વિકલ્પોની શોધ કરે છે. આ દસ્તાવેજના અંતે દર્શાવ્યા મુજબ દેશભરની ૮૫થી વધારે ઝુંબેશો અને સંસ્થાઓ તેની સામાન્ય સભાના સભ્યો છે. વધારે માહિતી માટે : http://www.vikalpsangam.org/about/

અનુક્રમણિકા

ભાગ ૧: અમે કરીએ છીએ અને ઇચ્છીએ છીએ તે પ્રતિબધ્ધતા ૨
ભાગ ૨: કામગીરીનો સારાંશ ૪
ભાગ ૩: ક્ષેત્ર અનુસાર કામગીરીની વિગતો ૮. 8
ભાગ ૪: યુવા ભાગીદારીની પ્રચુરતા બાબતે એક વિશેષ પરિપ્રેક્ષ્ય. ૨૫
વિકલ્પ સંગમ સામાન્ય સભાના સભ્યો ૨૬.

## ભાગ ૧: અમે કરીએ છીએ અને ઇચ્છીએ છીએ તે પ્રતિબધ્ધતા

આજની અને ભાવી પેઢીઓ અને તમામ સૃષ્ટિ માટે એવા ભારતની પ્રતિબધ્ધતા કરીએ છીએ અને તમામ નાગરિકો પાસેથી તેની અપેક્ષા રાખીએ છે કે જે ઉચિત, ન્યાયસંગત અને ટકાઉ હોય જ્યાં:

- ભૌતિક, સાંસ્કુતિક, નૈતિક, અને આધ્યાત્મિક રીતે જીવન અને આજીવિકાની પૂર્તી માટેની પ્રવૃતિ માટે તકો પૂરી પાડીને તમામની સુખાકારી અને આરોગ્યની ખાતરી અપાય.;
- લોકશાહીનાં સીધાં સ્વરૂપો મારફતે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સીધી રીતે સામેલ થવા માટે પ્રત્યેક પાસે અર્થસભર માર્ગ હોય;
- લિંગ, જાતિ, વર્ગ, વંશીયતા, ધર્મ, 'જાત' ક્ષમતા, જાતીય અભિગમ અને અન્ય આવાં લક્ષણો આધારિત કોઇ ભેદભાવ ન હોય;
  - સંસ્કૃતી અને જ્ઞાન અને શ્રધ્ધાની વૈવિધ્યતા અને બહુવચનતાનું સન્માન કરાય છે અને સંવાદિતા સાથે સહ અસ્તિત્વને સમર્થ કરાય છે; અને
- જેના ઉપર સમગ્ર જીવન આધારિત છે તે બાકીની પ્રકૃતિ અને પર્યાવરણીય પરિસ્થિતિઓ માટે સન્માન છે. .

એક સામાજિક સંસ્થા અને ઝુંબેશ તરીકે, આવી સમાજ પ્રાપ્તિ માટે અમારાથી થાય તે બધું કરી છૂટવા માટે અમે પ્રતિબધ્ધતા વ્યક્ત કરીએ છીએ; અમે લોકો પ્રત્યે જે ઉત્તરદાયીતા અને પારદર્શિતા રાખીએ છીએ તેવી જ લોકો અને સરકારી સંસ્થાઓ, વ્યવસાયો, પ્રસાર માધ્યમો અને અન્યો પાસેથી તેવીજ બાબતોની માંગ અને અપેક્ષા રાખીએ છીએ.

આજે અમે જે બહુઆયામી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છી તેના પરિપ્રેક્ષ્યમાં ઉપર જણાવેલ પ્રતિબધ્ધતાની (અને સંબંધિત પગલાંઓ જે અમે નીચે સ્પષ્ટ કરીએ છીએ) તાત્કાલિક જરૂરત છે..સામાજિક સંઘર્ષો અને નૈતિક કે ધાર્મિક તણાવો, અસહિષ્ણુતા,અસમાનતા, બીમારી, સાંસ્કૃતિક (ભાષા સહિત) વારસો, અને વૈવિધ્યતામાં ઘસારો, પારંપરિક જ્ઞાન અને આવડતોમાં નુકશાન અને મોટા પાયાનો પર્યાવરણીય વિનાશમાં સતત વધતી જતી જુવાળ છે. આનું કારણ પ્રવર્તમાન પ્રભાવી આર્થિક વિકાસનાં પ્રારૂપ છે જે મોટા પાયાની ઔદ્યોગિક અને માળખાંકીય વૃધ્ધિને પ્રાથમિકતા આપે છે તેમજ પ્રકૃતિ અને સામાજિક સંબંધોનું વસ્તુકરણ અને વ્યાપારિકરણ કરે છે અને જેને પુરૂષો પ્રભાવિત કરે છે. તેને રાજ્યમાંની ધાર્મિક વિભાજન વૃતિ પ્રોત્સાહિત કરે છે, આ બધું એકત્ર થઇને પારંપરિક અસમાનતા અને લૈંગિક અને જાતિય સહિતના ભેદભાવ ઉભા કરે છે. આ વલણો ગત કેટલાક દાયકાઓમાં આ ક્ષેત્રોમાં લોક્શાહી પ્રક્રિયા દ્વારા હાંસલ થયેલ લાભોને ઘસી નાખે છે કે અટકાવે છે.. અમે મહિલાઓ, યુવાઓ, લૈંગિક અલ્પસંખ્યકો, દિવ્યાંગો, તળપદા સમાજો, પીડિત જાતીઓ અને ધાર્મિક અલ્પસંખ્યકો અને પ્રભાવી પ્રણાલી દ્વારા સામાન્ય રીતે ઉપેક્ષિત લોકોની સક્રિય ભાગીદારી સાથે વધારે માનવીય, પ્રકૃતિપ્રેમી, ઉચિત અને સમાવિષ્ટ સુખાકારીના માર્ગમાં માનીએ છીએ. .

**૨૦૧૯માં જ્યારે અમે લોકોનું એક ઘોષણાપત્ર જાહેર્ં કર્યું ત્યારથી** *(https://vikalpsangam.org/article/peoples-manifesto-for-a-just-equitable-and-sustainable-india-2019/)*, ઉપર જણાવેલ બહુ આયામી સંકટો નોંધપાત્ર રીતે બગડ્યાં છે. કામગીરી કે જેણે જમ્મુ-કાશ્મીર, લદાખ, લક્ષદ્વીપ અને પૂર્વોત્તર ક્ષેત્ર જેવાં પ્રમાણમાં સ્વાયત ક્ષેત્રોને વધારે કેન્દ્રીય કાયદાઓ હેઠળ લાવ્યાં છે તે તેનું ઉદાહરણ છે. અન્યો દેખીતાં વધતા જતાં પર્યાવરણીય પતન (ડૂબતા જતાં જોશીમઠ અને આબોહવા સંકટ સંબંધિત આત્યંતિક હવામાન ઘટનાઓ તેનાં ઉદાહરણ છે) મણીપુર જેવા ધાર્મિક કે નૈતિક સંઘર્ષો અને બિલકીશ બાનોના કિસ્સા જેવી રાજ્યની સંસ્થાઓ દ્વારા વખોડવામાં આવેલ કે પ્રોત્સાહિત કરવામાં આવેલ જાતીય હિંસા છે.

ભારત જેનો સામનો કરી રહ્યું છે તેવાં બહુ આયામી સંકટોનો ઉકેલ લાવવા માટે આવી પ્રતિબધ્ધતા જેનો સાર ભારતનાં બંધારણનાં મૂલ્યો પ્રત્યેનાં અને અર્થસભર લોકશાહી અને પ્રતિષ્ઠિત સમાજ એક પૂન: પ્રતિબધ્ધતામાં

છે, તે જાહેર આયોજન સહિતનાં તમામ નિર્ણયાત્મક અને કામગીરી માટેનો કેન્દ્રીત ઉદ્દેશ હોવો જોઇએ. તેમાં દરેક ક્ષેત્રો કે સમાજના વિસ્તારોમાં ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનાં તાત્કાલિક પગલાંઓની જરૂરત છે.

વ્યાપકપણે, ભાગ ૪ માં યુવાઓ સંબંધિત વિશેષ વિભાગ સાથે ભાગ ૨ અને ભાગ ૩ની વિગતે દર્શાવેલ નીતિ અને કાર્યક્રમ વિષયક સ્તરે નીચે જણાવેલ પગલાંઓની માંગ કરીએ છીએ.

વિકલ્પ સંગમ માટેના સંપર્કો:

કે જે જોય, joykjjoy2@gmail.com
શ્રુષ્ટી બાજપાઇ , shrishtee.bajpai@gmail.com
યશ મારવાહ, yash@letindiabreathe.org
અસ્મિ શર્મા, asmixsharma@gmail.com

**ભાગ ૨: કામગીરીની રૂપરેખા અને  સારાંશ**

ભારતની સંસ્થાઓ, નીતિઓ, અર્થતંત્ર, સમાજ, રાજકારણ, સંસ્કૃતિ અને પર્યાવરણ સંબંધિત  એક મૂળભૂત પૂન:અભિગમમાં નીચેની કાર્યવાહીઓનો સમાવેશ થશે.

૧. જાતિ, લૈંગિક અભિગમ, વર્ગ, નૈતિકતા, આસ્થા વર્ણ, ક્ષમતા, સાક્ષરતા, ભૌગોલિક સ્થાન અને તેવાં અન્ય પાસાંઓ આધારિત ભેદભાવ રાખવામાં ના  આવે, તેના સહિતના સમાજના અતિ નિર્બળ સમુદાયો પ્રત્યે સરકારની તમામ યોજનાઓ, બજેટ/અંદાજો, નીતિઓ અને કાર્યક્રમોમાં સૌથી વધારે પ્રાથમિકતા આવી પ્રાથમિકતાની ઔદ્યોગિક/વ્યાપાર ગૃહો ક્ષેત્રમાં પણ સરકારે ખાતરી રાખવી જોઇએ. .

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે નિર્બળ લોકોને લાભપ્રદ છે, શું તે ભેદભાવ ઘટાડે છે *?*

૨. પગારના સ્તરે મર્યાદાઓ, ઉચ્ચતમ અને ન્યુનતમ આવકના સ્તરના ગુણોત્તરમાં નોંધપાત્ર ઘટાડો, આવક, સંપતિ અને મિલ્કતના વારસા ઉપર વધારે કર ભારણ, નિર્બળ લોકો માટે ન્યુનતમ આવક અને રોજગારની બાંહેધરી, પ્રાથમિક ક્ષેત્રમાં તમામ કામદારો માટે નિવૃતિ ભથ્થું અને જ્યાં સૌથી વધારે જરૂર છે ત્યાંથી “કાળું અર્થતંત્ર” તરફ ખેંચાઇ જતી સંપદાને નિયંત્રિત કરવા માટેનાં પગલાંઓ સહિતની ભારે આર્થિક અસમાનતાઓ સામે બાથ ભીડવા આકરાં પગલાંઓ.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે આર્થિક અસમાનતાને ઘટાડે છે, શું તે હાલમાં હાંસિયામાં ધકેલાઇ ગયેલ લોકોને આર્થિક રીતે સશક્ત બનાવે છે *? ?*

૩. શાળા અને તેથી આગળના સ્તરે વિવિધ આસ્થાઓ, નૈતિકતા, ભાષાઓ અને સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે સંવાદીતાની પૂન:સ્થાપના અને વૈવિધ્યતાને ટકાવવા માટે વ્યાપક કાર્યક્રમો અને વિવિધ સમાજો વચ્ચે ગેરમાહિતી, તિરસ્કાર અને દુશ્મનાવટ ફેલાવતા લોકો સામે તાત્કાલિક કાર્યવાહી.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે સંવાદિતામાં વધારો કરે છે, શું તે સામાજિક સંઘર્ષો, ગેરધારનાઓ અને તણાવોમાં ઘટાડો લાવે છે *?*

૪. ઉપરાંત, બંધારણ અને સંબંધિત કાયદાઓમાં અગાઉથી કરવામાં આવેલ જોગવાઇઓ ઉપરાંત નાણાંકીય અને કાયદાકીય સત્તા સાથે નિર્ણય લેવામાં લોકશહીકરણ, ગ્રામ સભા અને શહેરી કે મોહલ્લા સભાનું સશક્તિકરણ, પોતાના વિસ્તારોમાં કામગીરી માટે અગાઉથી માહિતી સાથેની આવી સંસ્થાઓની સંમતિની પ્રક્રિયાની ખાતરી અને કુદરતી સ્તરે નદીપટ કે પેટા પટ સ્તરે નિર્ણય લેનાર મંચની પહેલ.  આમાં, યુવાઓ, મહિલાઓ, લૈંગિક અલ્પસંખ્યકો, દિવ્યાંગો અને અન્ય નિર્બળ  અને સીમાંત લોકોને, આ લોકોના અન્ય :પ્રતિનિધી” તરીકે લેવા કરતાં જરૂરી સમર્થન સાથે  માહિતી સભર સહભાગીતાની ખાતરી માટેનાં પગલાંઓ લેવાં જ જોઇએ.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ*:* શું તે તમામ લોકો, ખાસ કરીને વર્તમાનમાં હાંસિયામાં ધકેલી દેવાયલા લોકોની અર્થસભર સહભાગીતામાં વધારો કરે છે*?*

૫. રાજ્ય સરકાર, રાજકીય પક્ષો, નિગમો, નાણાંકીય સંસ્થાઓ અને પ્રસાર માધ્યમો એ તમામ સંસ્થાઓની જવાબદેહિતા અને પારદર્શિતા અને રાજકીય અસંમતિ કે પોલિસ અને હથિયારધારી દળોને દમનકારી સત્તા આપતા હોય તેવા કાયદાઓ અને જોગવાઇઓને રદ કરવા અંગે સર્વગ્રાહી નીતિ અને કાયદો .

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે લોકો પ્રત્યે સંપૂર્ણપણે પારદર્શી છે, શું તે જવાબદેહિતામાં ઉમેરો કરે છે, શું તે રજ્યની જવાબદેય ન હોય તેવી સત્તામાં કાપ મૂકે છે ?

૬. આજીવિકાનાં બે સૌથી મોટાં ક્ષેત્રો, કૃષિ (ખેતી, પશુપાલન, માછીમારી અને વનીકરણ સહિત) અને હસ્તકલા ઉત્પાદન માટે તમામ યોજનાઓ અને બજેટમાં ઉચ્ચતમ પ્રાથમિકતા સાથે જે પારંપરિક અને આધુનિક આવડતોને સાંકળી લેતો હોય તેવો એક સામૂહિક કાર્યક્રમ, જેમાં તમામ ઉત્પાદનો અને સેવાઓ માટે અનામત રાખવાનો સમાવેશ થતો હોય જેનું લોકશાહી રીતે ચાલતા ઉત્પાદક સમૂહો (સહકારી, કંપનીઓ, સંઘો વગેરે) મારફત સૂક્ષ્મ, લઘુ કે મધ્યમ કક્ષાએ/સ્તરે સ્થાનિક, સમુદાય આધારિત અને વિકેન્દ્રિત ઉત્પાદન થતું હોય કે ઉભું થતું હોય.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે નિર્બળ અને હાંસિયામાં ધકેલી દેવાયલા લોકોની આજીવિકામાં ઉમેરો કરે છે કે તેને સુનિશ્ચિત કરે છે, શું તે ગૌરવશાળી હોય તેવી આજીવિકાના તમામ સ્ત્રોતોને સન્માનિત કરે છે?

૭. જેના ઉપર તમામ જીવન (અ-માનવ વિશ્વ સહિતનાં) નિર્ભર છે તેવી સૌથી અગત્યની પર્યાવરણીય પ્રણાલી અને પર્યાવરણીય કાર્યોનાં સંરક્ષણ માટેનાં પગલાંઓ સાથે કૃષિ-પર્યાવરણીય અને સામાજીક-સાંસ્કૃતિક વૈવિધ્ય દ્વારા માહિતગાર થયેલ એક રાષ્ટ્રીય જમીન/જળ ઉપયોગ યોજના અને નીતિ, અને સમાવિષ્ટ સામાન્ય લોકોની, વન્યજીવન અને જૈવ વૈવિધ્યતા; અને સ્થાનિક અર્થતંત્ર માટે ટકાઉ કુદરતી સંપદા ઉભી કરવા માટે જમીન/ભૂમી અને જળ ઉત્પન્ન કરવા માટેના એક દેશ વ્યાપી કાર્યક્રમની પહેલ; આ બધું કાયદેસરનાં પગલાંઓ મારફત જે સ્થાનિક સમુદાયોને સશક્ત કરે અને તેઓના અધિકારોને માન્યતા આપે જે વન અધિકાર કાયદો અને કુદરતી પર્યાવરણીય પ્રણાલી અને પ્રજાતીઓના અધિકારોને બંધારણીય માન્યતા આપતું હોય તેની જોગવાઇઓ અનુરૂપ હોય.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે કુદરતી પર્યાવરણીય પ્રણાલી અને પર્યાવરણીય કામગીરીનું રક્ષણ કરે છે ?

૮.સ્વતંત્ર રીતે સંચાલિત, સહભાગી, યોજનાઓ, કાર્યક્રમો, પરિયોજનાઓ અને ક્ષેત્રોની સર્વગ્રાહી પર્યાવરણીય અસરની આકારણી સહિતની તમામ સ્તરે, સ્થાનિક થી રાષ્ટ્રીય સ્તર સુધીની પર્યાવરણીય મર્યાદાઓનું સન્માન કરતી હોવાની ખાતરી રાખતી એક સર્વગ્રાહી નીતિ અને કાયદેસરનો અમલ અને માનવ કે પર્યાવરણીય પ્રણાલી/પશુ આરોગ્યને હાનિકારક તમામ રસાયણો અને તત્વોને પર્યાવરણીય સંવેદી તત્વો દ્વારા બદલાવવામાં આવે.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે લોકો અને વન્યજીવન માટે કુદરતી પર્યાવરણીય આરોગ્ય મહત્વને ટકાવી રાખે છે, શું દરેક પાસે શ્વાસ લેવા માટે ચોખ્ખી હવા, પીવા માટે સ્વચ્છ પાણી અને તેઓના માનસિક આરોગ્ય માટે એક સલામત જગા છે ?

૯. આરોગ્ય, સ્વચ્છતા, આવાસ, શીખવાની અને શિક્ષણ,પાણી, ખોરાક અને ઉર્જા અને આજીવિકા જેવી પાયાની તમામ જરૂરીયાતો માટે નોંધપાત્ર ઉચ્ચ અંદાજપત્રીય ફાળવણીની જોગવાઇઓ માટે અત્યારે આપવામાં આવતી હોય તેનાથી વધારે જાહેર સમર્થનને પ્રાથમિકતા આપવા માટે કાર્યક્રમો; નાના ખેડુતો, પશુપાલકો અને માછીમારોને મહત્તમ સમર્થન સાથે તમામ અન્ન ઉત્પાદનોને કૃષિપર્યાવરણીય અને સલામત પ્રક્રિયામાં તબદીલ કરવા માટે જરૂરી કાર્યવાહી અને જમીન, બીયારણ, પાણી,જ્ઞાન અને અન્ય સામાન્ય બાબતો માટેના પર્યાપ્ત અધિકારો; ૨૦૩૦ સુધીમાં વિકેન્દ્રીત પૂન:પ્રાપ્ય સંપદા મારફત મહત્તમ ઉર્જા ઉત્પાદન કરવા માટે પાણીના ઉપયોગ અંગેની કાર્યવાહી તેમજ જરૂરી છે તેવી માંગને સંયમમાં રાખવા પગલાંઓ હાથ ધરવાં, આબોહવાનાં સંકટો અને અન્ય દુર્ઘટનાઓને પહોંચી વળવા અને તેને અપનાવી

લેવા સીમાંત ખેડૂતોને સહાય કરવી, અને જરૂરી જીવન કાર્યો માટે જેને પ્રાથમિકતા આપે છે તે પાણીના સ્ત્રોતોને પૂન:જીવિત કરવા અને સાચવવા માટે તાત્કાલિક પગલાંઓ લેવાં.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ*:* શું તે દરેક્ની પાયાની જરૂરીયાતોમાં વધારો, સુરક્ષિત અને સુલભ અને પોસાય તેવી કરે છે, અને ખાસ કરીને તેઓ કે જેઓ હાલમાં આનાથી વંચિત છે, એવી રીતે કે જે પર્યાવરણીય રીતે ટકાઉ હોય અને જે તેનાં લોકશાહી રીતે-સમાજ પ્રેરિત નિયંત્રણ હોય તેની ખાતરી રાખવી. .

૧૦. શહેરી અને ગ્રામ્ય વસાહતોને સન્માનીય, રહેવા યોગ્ય, શક્ય હોય તેમ પાયાની જરૂરીયાતો માટે સ્વનિર્ભર બનાવવા માટે પગલાંઓ, અને સમાજના નિર્બળ લોકો માટે જમીન, આવાસ અને અન્ય સવલતો સુધીની પહોંચ માટે પૂરા અધિકારો, અને ગતિશીલતા ના જાહેર અને બિન ગતિશીલ સાધનો માટે ઉચ્ચ પ્રાથમિકતા.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ*:* શું તે તમામ, ખાસ કરીને હાલે વંચિત છે તેવા તમામ લોકોને રહેણાકની વધારે સારી રહેવાલાયક અને ટકાઉ પરિસ્થિતિઓ તરફ દોરી જાય છે *?*

૧૧. તમામ શિક્ષણ અને શિક્ષણને પ્રવૃત્તિ-આધારિત, આનંદપ્રદ, સાંસ્કૃતિક અને પારિસ્થિતિક રીતે મૂળ (માતૃભાષામાં શિક્ષણને અગ્રતા આપતી) પદ્ધતિઓ તરફ રૂપાંતરિત કરવાની પહેલ, શીખનારાઓને ન્યાય અને જવાબદારીની નૈતિકતાને આત્મસાત કરવા સક્ષમ બનાવે છે, જે સ્વ-શિક્ષણ પ્રક્રિયાઓ દ્વારા સંચાલિત છે. વિચાર, પૂછપરછ અને સ્વ-જાગૃતિ, અને સાંસ્કૃતિક વિવિધતા અને પર્યાવરણીય ટકાઉપણું માટે આદર જગાડવામાં સક્ષમ, જેમાં શિક્ષણનો અધિકાર અધિનિયમના સંબંધિત સુધારાઓ અને બાળકો અને પુખ્ત વયના લોકો માટે સમુદાય-આધારિત પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે અને તેનાથી સંબંધિત વિશિષ્ટ અભ્યાસક્રમ દરેક સ્તરે ઉમેરવો જોઈએ; અને વિશેષ જરૂરિયાતો ધરાવતા લોકો સહિત શિક્ષણને સંપૂર્ણ રીતે સુલભ બનાવવા માટે, સંચારની વૈકલ્પિક પદ્ધતિઓની શોધ, સક્ષમ અને પ્રોત્સાહિત કરવી જોઈએ. જીડીપીનો ઓછામાં ઓછો 6% આ ક્ષેત્રને સમર્પિત હોવો જોઈએ

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ*:* શું તે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના દરેક ખાસ કરીને હાલે હાંસિયામાં ધકેલાઇ ગયા છે તેવા લોકો માટે સાકલ્યવાદી તકો પૂરી પાડે છે*?*

૧૨. નાવિન્ય, તકનીકો અને જ્ઞાન અંગેની એક એવી સર્વગ્રાહી નીતિ અને કાર્યક્રમ જે લોકોને સમર્થન આપતી હોય અને પ્રોત્સાહિત કરતી હોય અને નાવિન્યની અનૌપચારિક પ્રક્રિયા, સામાન્ય: લોકોની સર્જનાત્મકતાને માન્યતા આપતી હોય, સ્વતંત્ર પ્રસાર માધ્યમ મારફત સહિત જાહેર અને સામાન્ય ક્ષેત્ર સુધી જ્ઞાન અને માહિતીની ઉપલબ્ધતાને અધિકતમ કક્ષાએ પહોંચાડતી હોય, લોક જ્ઞાન સહિતની જ્ઞાન પ્રણાલીની વૈવિધ્યતાને માન્યતા આપતી હોય, અને તમામ તકનીકી વિકાસને લોકો દ્વારા સમિક્ષા માટે રજુ કરે છે કે તે ન્યાય, પહોંચ અને ટકાઉપણાંના લક્ષ્યો પ્રત્યે કેટલી હદે જવાબદાર છે.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ*:* શું તે જ્ઞાન અને તકનીકોને વધારે લોકતંત્રીય અને જાહેરમાં પહોંચક્ષમ બનાવે છે*?*

૧૩. જાહેર ક્ષેત્ર બધે પહોંચી શકે તેની ખાતરી સાથે જી ડી પી ના ઓછામાં ઓછા ૩% સમર્પિત કરીને, બહુઆયામી આરોગ્ય પ્રણાલીના સંકલિત ઉપયોગ, આરોગ્યના અન્ય નિર્ધારકો સાથે જોડાણ (ખોરાક, સામાજીક, માનસિક અને ભૌતિક વાતાવરણ, શિક્ષણ વગેરે), સામુદાયિક સંચાલન અને નિયંત્રણ સહિતના મારફત આરોગ્યપ્રદ જીવન અને આરોગ્ય સેવાઓ સુધી સૌની પહોંચ, ખાસ કરીને નબળા વર્ગો માટેની અનુકૂળતાઓ કરવા માટે એક સર્વગ્રાહી નીતિ અને સંબંધિત કાર્યક્રમ.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ: શું તે તમામ, ખાસ કરીને જેઓ હાલે આરોગ્યપ્રદ પરિસ્થિતિ અને આરોગ્ય સેવાઓથી વંચિત છે તેઓ માટે તમામ માટે આરોગ્યની પરિસ્થિતિ માટે સમર્થ બનાવે છે?

૧૪. કલા (દૃષ્ય અને અભિનય) ના લોકતાંત્રિક વિકાસને પ્રોત્સાહિત કરવા,તેમાં જડાઇ ગયેલ કેટલાક જાતી, વર્ગ અને લિંગિક ભેદભાવોને દૂર કરવા,તેને સૌની પહોંચમાં લાવવા અને તેને ઉત્તેજન આપતી જાહેર સંસ્થાઓને સ્વતંત્ર સંસ્થામાં ત્તબદીલ કરવા  માટેની પહેલો.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ:  શું તે સૌની પહોંચમાં હોય તેવી રીતે કલાના વિકાસને સમર્થન આપે છે?

૧૫ માનવ અધિકારો, શાંતિ અને બિન લશ્કરીકરણના હિમાયતી/સમર્થક તરીકે ભારતની ભૂમિકાને પૂન:સ્થાપિત કરવા, સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના નવજીવન આપવા સહિતનાં પર્યાવરણીય ડહાપણ અને લોકોની વૈશ્વિક નિર્ણાયક સુધીની લોકતાંત્રિક પહોંચને સમર્થન અને વ્યાપારિક અને અન્ય આર્થિક સમજૂતીઓમાં અધિકાર અને પર્યાવરણીય સમજૂતીઓને આધીન બનાવવા માટેનાં પગલાંઓ.

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ:  શું તે વૈશ્વિક શાંતિ, સહ અસ્તિત્વ અને ન્યાયમાં વધારોકરે છે? શું તે વૈશ્વિક નિર્ણયોમાં લોકો અને સમુદાયોના અવાજોને સમર્થ બનાવે છે?

૧૬. ઉપર જણાવેલ બધામાં, ભારતના યુવાઓ, દિવ્યાંગતા ધરાવતા લોકો, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, લૈંગિક અલ્પસંખ્યકો, દલિતો, આદિવાસીઓ અને સીમાંત અને નિર્બળ લોકોમાંથી અન્યોને સશક્તિકરણ અને સુગમતા માટે વિશેષ ધ્યાન આપો અને વર્તમાન અને ભવિષ્ય નક્કી કરવા માટે તેઓના પોતાના અવાજને સમર્થ બનાવવો. (યુવાઓ અંગેનો ભાગ ૩ જુઓ)

પ્રત્યેક જાહેર કામગીરી માટે તાવીજ:  શું તે યુવાઓ, મહિલાઓ અને અન્ય સીમાંત જાતીઓ અને અન્ય નિર્બળ લોકોને વ્યાપક ન્યાય અને સ્વનિર્ધારણ તરફ/માટે સશક્ત કરે છે?

**ભાગ 3: ક્ષેત્ર અનુસાર વિગતવાર કામગીરીઓ**

## સમાજ, સંસ્કૃતિ અને શાંતિ

ભારત ધાર્મિક અને નૈતિક સંઘર્ષ અને અસહિષ્ણુતાના ખતરનાક ફેલાવાનો સામનો કરી રહ્યું છે અને સાંસ્કૃતિક વૈવિધ્યતા અને સહ-અસ્તિત્વ આધારિત તેની સદીઓ જૂની સંસ્કૃતિ ગંભીર ભય/જોખમમાં છે.જ્યાં સીમાંત લોકોના અવાજને મજબૂત/સશક્ત બનાવવા અને અસમાનતા અને લિંગ, જાતી, નૈતિકતા અને અન્ય પાસાંઓ આધારિત ભેદભાવો ઘટાડવામાં ગત કેટલાક દાયકાઓમાં ઘણુ બધું મેળવવામાં આવ્યું છે છતાં ઉપર જણાવેલ બાબતોમાં હિંસા અને ભેદભાવમાં વિષ ભેળવવાનું ચાલુ રહેવાનાં કારણ બન્યાં છે. સહ-અસ્તિત્વ અને પારસ્પરિક સન્માન અને અસમાનતા અને ભેદભાવને સતત દૂર કરવા માટે નિર્વાહ કે પુનરુત્થાનને ઉત્તેજન આપવાને બદલે પ્રતિકારક વલણને ઉત્તેજન આપે છે. તાજેતરના સમયમાં તેણે લૈંગિક હિંસાને માફી કે ઉત્તેજન પણ આપ્યું છે. ઘણા લોકોએ પહેલ કરી છે, કેટલાક્ને સરકાર તરફથી વિચારવિમર્શ, ઘર્ષણ નિવારણ, ઠરાવ અને સહ-અસ્તિત્વને પૂન:સ્થાપનાને સમર્થન પ્રાપ્ત થયું છે જેમાંથી કોઇ શીખી શકે. આ સંદર્ભે નીચે મુજબ તાત્કાલિક પગલાંઓ જરૂરી છે *;*

જાતીય, લૈંગિક, લૈંગીક અભિગમ, વર્ગ, નૈતિકતા, આસ્થા/ધર્મ, 'જાતી', સમર્થતા/અસમર્થતા, સાક્ષરતા, સ્થાન અને અન્ય તેવાં પાસાંઓ સહિતની અસમાનતા અને જુદા જુદા પ્રકારના ભેદભાવો દૂર કરવા જેમાં સૌને માટે માનભેર જીવન જીવવા માટે ખાસ કાર્યક્રમો; આમાં ભારતની બંધારણીય અને કાયદાકીય અનેક જોગવાઇઓનું મજબૂત અમલીકરણ જે આવા પાસાંઓને આદેશીત કરે છે પરંતુ અનેક્ર રીતે વિશેષાધિકાર ભોગવતા સમાજના કેટલાક લોકો દ્વારા દુરુપયોગને રોકવા માટે અને વિવિધ આસ્થાઓ ધરાવતા લોકો દ્વારા ઉજવવામાં આવતા તહેવારો માટેની સુમેળરૂપ પરંપરાને ઉત્તેજન આપવા માટે કે જે સહ-અસ્તિત્વને પોષતું હોય તેનો સમાવેશ થતો હોય. ;

વિવિધ સમુદાયો, આસ્થાઓ, સંસ્કૃતિઓ, ભાષાઓ, માન્યતાઓ અને વિચારશરણીઓ (દાખલા તરીકે જુદા જુદા તહેવારોની આંતર જ્ઞાતિ સામુહિક ઉજવણીને પ્રોત્સાહન આપવું) અને જેઓ તિરસ્કાર, અસહિષ્ણુતા, ગેરમાહિતીને ઉશ્કેરતા હોય કે ઉત્તેજન આપતા હોય તેઓ વિરુધ્ધ તાત્કાલિક પગલાં લેવાં:

શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં આંતર જાતિ ઉજવણીને ઉત્તેજન આપવા સહિતના દ્વારા સમાવિષ્ટ બાળપણથી જ વિવિધતા અને બહુવચનતા બાબતે સભાનતા અને સન્માનને મનમાં ઉતારવું:

એક સમાન તકો આપવા અને તમામ પ્રકારના સામાજીક ભેદભવો વિરુધ્ધ રક્ષણ આપવાનીખાતરી આપવા એક સર્વગ્રાહી ભેદભાવ અને અસમાનતા વિરોધી કાયદો ઘડવો.;

તેઓના વક્તાઓમાં આંતર પેઢી અને શિક્ષણનાં અન્ય પ્રારૂપને સુગમતા આપીને, શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં આદેશ આપીને ખોવાતી જતી ભાષાઓ અને બોલીઓને ટકાવી રાખવા કે (જ્યાં જરૂરી હોય ત્યાં) પૂન:જીવિત કરવા માટે તાત્કાલિક પગલાંઓ લેવાં, સત્તાવર કાર્યક્રમોમાં આવી ભાષાઓનો ઉપયોગ કરવો, આવી ભાષાઓ માટે શબ્દસૂચિ સહાય સાધન જેવો કે તેવી ભાષા કે બોલીનો (જ્યાં યોગ્ય હોય) શબ્દકોશ તૈયાર કરવો અને આવાં પગલાંઓ માટે બંધારણીય અને નીતિ જોગવાઇઓને ઉમેરવી;

વસ્તીગણત્રીમાં માત્ર ૬ ધર્મોને સમાવવાના નિર્ણયને ઉલટાવવો અને તેને બદલે ગમે તેવી નાની હોય તો પણ તમામ આસ્થાઓની ઓળખ કરવી અને તેની માન્યતાનો સમાવેશ કરવો; સંબંધિત યોજનાઓ અને કાર્યક્રમોનાં યોગ્ય અમલીકરણની સુગમતા માટે જાતિ આધારીત વસ્તીગણત્રીમાં પૂનઃ દાખલ કરવી.

તેવી જ રીતે, કલાનાં (દ્રશ્ય, અભિનય વગેરે) પ્રારૂપો કે જે ખોવાતાં જાય છે તેને સંબંધિત સરકાર દ્વારા પહેલ કરવામાં આવેલ સંસ્થાઓને સ્વતંત્ર કે લોકો દ્વારાભંડોળ પ્રાપ્ત સંસ્થામાં તબદીલ કરવાં સહિતને ચાલુ રાખવા કે પૂન;જીવિત કરવામાં સુગમતા કરી આપવી.

ખાસ કરીને જે વિસ્તારોમાં તણાવો અને સંઘર્ષની સંભાવના હોય ત્યાં સંઘર્ષોનાં સમાધાન અને શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વને ઉત્તેજન આપવા માટે આંતર સમુદાય સમજૂતી અને સંવાદને પ્રોત્સાહિત કરવા મંચ તૈયાર કરવા.

બાળપણથી જ લૈંગિક શિક્ષણના ઉપદેશ સાથે  મહિલાઓની સલામતી અને સન્માનની ખાતરી રાખવી, જુદા જુદા પ્રકારની લૈંગિક હિંસાનો પ્રતિકાર કરીને, લૈંગિક ઔચિત્ય અને સન્માન માટે ગ્રામ્ય અને શહેરી સાનિધ્ય મંચ, સંભાળ કાર્ય અને બિનવેતન મજૂરીના અન્ય પ્રકારને માન્યતા, ગ્રામ્ય અને શહેરી આયોજનનું અને માં મહિલાઓની સામેલગીરી અને મહિલાકરણ, રસ્તાઓ ઉપર સારી  પ્રકાશ વ્યવસ્થા અને જાહેર/ખાનગી શૌચાલય, સલામત જાહેર વાહવ્યવહાર અને સલામત સયકલ/પદયાત્રા માર્ગો. n

હકારાત્મક કાર્યો, સામાજીક કલ્યાણ કાર્યક્રમો સુધીની પહોંચનું વિસ્તરણ કરીને, બજેટ અને રોજગારીની તકોનું વિસ્તરણ મારફત જાતિ અને લૈંગિક અલ્પસંખ્યકો માટે વ્યાપકતા અને તકોને પ્રોત્સાહિત કરવી.  જાતિનાં સામાન્ય બજેટમાં ત્રીજી જાતિનાં બજેટનો સમાવેશ કરવો. .

ક્ષમતા વૃધ્ધિ માટે જરૂરી તાલિમ આપવા સહિત બન્ને, જાહેર અને ખાનગી ક્ષેત્રમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન  જાતિઓ, ત્રીજી જાતિની વ્યક્તિઓ અને દિવ્યાંગતા ધરાવતા લોકો માટે રોજગાર અનામત કે વિશેષ કર રાહતો  જેવાં ( જો હજી સુધી ન આપ્યાં હોય તો) પ્રોત્સાહનો શરૂ કરવાં અને વિશેષ પગલાંઓ હાથ ધરવાં.

શિક્ષણની સંસ્થાઓમાં, ઉપર સૂચવેલ કેટલીક સહિત પરંપરાગત ઉપરથી નીચે નૈતિક્વાદી રીતે નહીં પરંતુ એવી પ્રવૃતિ દ્વારા કે જે આનંદ સાથે શિક્ષણનો સમન્વય કરતી હોય તે મારફત  ન્યાય, અહિંસા, સાદગી, સન્માન, પરસ્પર નિર્ભરતા, ઉદારતા, જવાબદારી અને સામૂહિકતા જેવાં પાયાનાં મૂલ્યોની શિખામણને પૂનઃજીવિત કરો.

લોકશાહી

*લોકતાંત્રિક કામગીરી અને સંચાલન માટે બંધારણ નાગરિક અધિકારો અને બાંહેધરી સહિતનાં અગત્યનાં પગલાંઓ પૂરાં પાડે છે. અલબત, ગ્રામ્ય અને શહેરી સ્વશાસનના તેમજ તમામ નાગરિકોની મજબૂત સામેલગીરી સંદર્ભે  આને વધારે ઉંડે લઇ જવાની જરૂર છે, જેના ઘણા જમીની ઉદાહરણોનુ નિદર્શન કરવામાં આવી જ રહ્યું છે.  તાજેતરના સમયમાં સરકાર દ્વારા લોકતાંત્રિક સ્વતંત્રતાનાં થયેલાં ધોવાણ સંદર્ભે આ લોકતાંત્રીકરણની તાત્કાલિક વધારે જરૂર છે, જેણે અસહમતિના અધિકાર, વાણી સ્વાતંત્ર્ય, એકઠા થવાની સ્વતંત્રતા અને બંધારણામાં નિવેશિત પત્રને દબાવવાનો પ્રયાસ કર્યો છે. આ સંદર્ભે અર્થસભર સ્વરાજ તરફ જવા માટે તાત્કાલિક પગલાંઓને જરૂરી છે, જેમાં નીચે જણાવેલ બાબતો સમાવિષ્ટ રહેશે  n*

બંધારણમાં નિવેશિત મૂળભૂત લોકતાંત્રિક સ્વતંત્રતા અને અધિકારોને તમામ જાહેર મંચો અને કાર્યોમાં ભારપૂર્વક વ્યક્ત કરવું;

સ્વશાસીત સંસ્થાઓ, જેઓ પાસે બંધારણના ૭૩મા અને ૭૪મા સુધારાઓ તેમજ સંબંધિત કાયદાઓ હેઠળ જે અધિકારો છે જ  તે ઉપરાંત તેઓને એક કાયદેસર ની સંસ્થા તરીકે (સંસ્થાપિત મંડળ) ની માન્યતા આપીને નાણાંકીય અને કાયદેસરનું વિકેન્દ્રીકરણ પૂરું પાડવું.

ગ્રામસભાઓને સ્વશાસનની સંપૂર્ણ સતા આપો (એટલે કે સંપૂર્ણ ગામની સભા, માત્ર ગ્રામ પંચાયતો નહીં), જ્યાં સુસંગત હોય ત્યાં, શાસનનાં પારંપરિક સ્વરૂપ સાથે ઉપર જણાવેલને બંધબેસતું કરો (ખાસ કરીને આદિવાસી/જનજાતિ વિસ્તારો કે પર્વતીય અને અને ટાપુના સમાજો માટે સુસંગત) કે જાતિ, વર્ણ કે અન્ય વિચારણા આધારિત અસમાનતા અને ભેદભાવોને દૂર કરવા માટે સમર્થ બનાવવા (સિક્કીમ્માં ડ્ઝુમસા પ્રણાલિના કિસ્સાની માફક) ૭૩મા બંધારણીય સુધારાના હેતુ માટે તેને ગ્રામ સભા/પંચાયતો તરીકે માન્યતા આપો.

વોર્ડ સભાથી નીચે કે અન્ય વર્તમાન શહેરી શાસન સંસ્થાઓ જે સીધી તમામ સભ્યોની ભાગીદારી માટે સમર્થ બનવા વધારે પડતાં મોટાં છે, વિસ્તારો કે મોહલ્લા સભાઓને (શહેરી પડોશ/સાનિધ્ય) સ્વશાસન માટે સંપૂર્ણ સત્તા આપો. i

સ્વશાસનનાંઉપર જણાવેલ સ્વરૂપમાં અર્થસભર ભાગ લેવા માટે નાગરિકોમાં ક્ષમતા ઘડતર કરો અને શક્ય હોય ત્યાં સુધી સહમતિ આધારિત નિર્ણય લેવા માટેની યંત્રણા તૈયાર કરો;

મહિલાઓ અને લૈંગિક અલ્પસંખ્યકો સહિતના હાલે હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકો માટે ખાસ સગવડો/સુગમતાપૂરી પાડો;

મોટા વિસ્તારો (જૈવ સાંસ્કૃતિક ક્ષેત્રો) જેમાં પર્યાવરણીય, ભૌગોલિક અને સાંસ્કૃતિક સંલગ્નતા (જેવી કે નદીના પટ અને પેટા પટ, પેટા વોટરશેડ/જળવિભાજક, સંલગ્ન વન્ની આસપાસ વગેરે) જે વર્તમાન જીલ્લા, પેટા જીલ્લા અને રાજયની સરહદો સાથે સુસંગત થતી હોય કે ન થતી હોય તેના માટે શાસન, આયોજન અને વ્યવસ્થાપન સંસ્થાઓની શરૂઆત કરો; પર્યાવરણીય અને સાંસ્કૃતિક સંલગ્નતા અને જોડાણો સાથે વધારે અનુરૂપ બનાવવા માટે વર્તમાન રાજકીય સરહદોની પૂન:કલ્પના કરવાની પ્રક્રિયાની શરૂઆત કરો.

લોકોની ચળવળ, સહકારી સંસ્થાઓ વગેરે સહિતની જે સમૂહો કે સ્વાભાવિક્પણે બિન-પક્ષીય સમુદાયોને રાજકીય પ્રેરણામાટે પ્રોત્સાહિત કરો અને સુગમતા કરી આપો;

હિસાબો અને આવકના સ્ત્રોતોની સંપૂર્ણા જાહેર જાહેરાત/ખુલ્લું કરવા સહિતની તમામ રાજકીય પક્ષોની પારદર્શિતામાં વધારો કરવા માટે પગલાંઓની પહેલ કરો અને મજબૂત કરો;

નિમણૂકોમાં નિષ્પક્ષતાની ખાતરી આપતી પ્રક્રિયાની સ્થાપના કરીને બંધારણીય સંસ્થાઓ, કાનૂની સંસ્થાઓ અને અર્ધ-ન્યાયીક સંસ્થાઓમાં સ્વાયતતા અને પારદર્શિતાને પ્રોત્સાહિત કરવી; આવી સંસ્થાઓની કામગીરીમાં પારદર્શિતા જાળવી રાખવા માટે પસંદગીની પ્રક્રિયા, ગઠન/રચના અને સેવાની શરતો નક્કી કરવામાં અનુચિત લાગવગ જવાબદેયતાને મજબૂત કરવાની યંત્રણાની ખાતરી કરવી; અને આ સંસ્થાઓની સ્વતંત્રતા અને અસરકારકતામાં વધારો કરવા માટેનાં પગલાંઓનું અમલીકરણ કરવું.

સરકારનાં અંગોની સંપૂર્ણ જવાબદેયતાની ખાતરી રાખવી, ખાસ કરીને સીમાંત લોકોના અધિકારો અને ન્યાયનાં રક્ષણમાં તેઓની ભૂમિકાની; જાહેર અને ખાનગી વ્યાપાર ક્ષેત્રનું નિયમન કરવું, અને જેઓ સ્વયં જોગવાઇ નથી કરી શકતા તેઓનું કલ્યાણ કરવું, જાહેર ઓડીટ અને સૂનાવણી મારફત ચકાસણી કરી શકાય તેવાં જુદાંજુદાં જાહેર ક્ષેત્ર અને કાર્યક્રમોનાં પરિણામો, લક્ષ્યો, પ્રક્રિયા અને ઉપલબ્ધીઓ અંગેની વિશ્વસનિયતા અને ખુલ્લા સંવાદ અને માહિતીની નિયમિત શરૂઆત કરો.

નવીન ધિરાણ અને પી પી પી મોડેલના નામે આવશ્યક જાહેર સેવાઓ (પરિવહન, આરોગ્ય, શિક્ષણ અને તે પ્રમાણે આગળ) નાં ખાનગીકરણના વલણ/ઝોંકને અટકાવો અને ઉલ્ટાવો; જે ગરીબ લોકોની આ સેવાઓ સુધીને પહોંચને તેમજ યુવાઓ માટે જાહેર ક્ષેત્રમા રોજગારની તકોને ઘટાડે છે, અને સામાજીક ક્ષેત્રોની ફાળવણી ઘટાડવા માટે સરકારને એક બહાનું પૂરું પાડે છે.

જ્યાં અસ્તિત્વ નથી ધરાવતું ત્યાં સંપૂર્ણપણે સહભાગી અને પરામર્શ પ્રક્રિયા દ્વારા આ દસ્તાવેજમાં આપવામાં આવેલ વિવિધ પ્રાથમિકતાઓને નીતિ માળખાંમાં લાવો;

પારદર્શિતા અને સહભાગીતાની ખાતરી માટે આદેશાત્મક તમામ કાયદાઓ અને નીતિઓનાં ઘડતર અને સમીક્ષા/પુનર્વિલોકનનાં માટે જાહેર પરામર્શ કરો, પારદર્શિતા અને સહભાગીતાની ખાતરી કરો, એ બાબતની ખાતરી કરો કે, ગ્રામ સભાઓ, શહેરી વોર્ડો અને અન્ય સ્વશાસનની સંસ્થાઓ આવી પ્રક્રિયાનાં કેન્દ્રમાં રહે.

તમામ કલ્યાણકારી કાર્યક્રમો અને યોજનાઓનો અસરકારક, પારદર્શી અને જવાબદેય રીતે અમલ થાય તેની ખાતરી માટે નાગરિકોનાં નિરીક્ષણ માટે આદેશાત્મક  સામાજીક ઓડીટ ((અન્વેષણ)અને યંત્રણા માટે એક કાયદો ઘડો;

પોલીસ અને હથિયારધારી સુરક્ષાબળોને લોકતાંત્રિક અસહમતિને દબાવી દેવા અને અસહમત થતા નાગરિકોને આતંકવાદી કે દેશદ્રોહી કે અન્ય નામથી નામિત કરવા સહિતના ત્રાસદાયક સત્તા સહિતના બિનલોલતાંત્રિક કાયદાઓ અને જોગવાઇઓને રદ કરો, તેને બદલે લોકતાંત્રિક કાર્યો  માટે ફાળો આપતા ઉત્સાહપૂર્ણ/જોશીલી ચર્ચાના વિચાર મંચોને પ્રોત્સાહિત કરો.

નાગરિક સામાજીક સમાજો સહિત તમામ સંસ્થાઓમાં આંતરિક લોકશાહી અને પારદર્શિતાને પ્રોત્સાહિત કરો.

## આજીવિકા અને રોજગારી

ભારત બેરોજગારી, ઓછી રોજગારી અને ખોટી રોજગારીની પ્રચંડ કટોકટીનો સામનો કરી રહ્યું છે, જે સ્વયંસંચાલનનાં વલણને કારણે તીવ્ર બનવાની ચેતવણી આપે છે.  મોટા પાયે કુશળતામાં વધારો થઇ રહ્યો છે, કારણ કે, કૃષિ, અને હસ્તકળા અને કસબ જેવી પારંપરિક આવડતો/કુશળતાઓનું અવમૂલ્યન થાય છે અને જંગી ઔદ્યોગિક ઉત્પાદનમાં તેનું સ્થાન શારીરિક મહેનત મજૂરી લઇ રહી છે.'ભારતમાં ઉત્પાદન કરો' અને 'આત્મનિર્ભર ભારત' જેવા કાર્યક્રમોમાં સ્થાનિક આજીવિકાના કેટલાક ઘટકો છે પરંતુ તેનું લક્ષ્ય મોટા ભાગે મોટાં નિગમો અને મોટાં વ્યાપારગૃહો ઉપર હોય છે, જે મોટી સંભવનાઓ ધરાવતા બાયોમાસ આધારિત ગ્રામ્ય માળખાં વિકાસ સહિતના હસ્તકળા, લઘુ ઉત્પાદનો અને ખેતપ્રક્રિયાઓથી ફંટાઇ જાય છે/બાજુએ મૂકી દે છે અને નાના પ્રદાતાઓ દ્વારા સંચાલિત સેવાઓ – સ્થાનિક સ્વનિર્ભરતાને મોટા ભાગે બાજુએ મૂકી દેવાય છે. અર્થસભર, સન્માનીય અને પર્યાપ્ત આજીવિકા અને રોજગારી માટેની શોધના સંદર્ભે, જેનાં સેંકડો ઉદાહરણો, સમુદાયો, નાગરિક સમાજો અને કેટલીક રાજ્ય સરકારો દ્વારા નિદર્શિત પણ થઇ રહ્યા છે, નીચેની બાબતે તાત્કાલિક પગલાંઓની જરૂરત છે: *t*

પારંપરિક આજીવિકાને ચાલુ રાખવા તથા તેમાં વૃધ્ધિ કરવા, સમુદાયો અને વ્યક્તિઓ જે પસંદ કરે તેને ચાલુ રાખવામાં ઉચ્ચતમ પ્રાથમિકતા (સરકારી કામગીરીમાં) આપવી તેમજ સાથે સાથે જાતિગત,લૈંગિક કે અન્ય ભેદભાવો જેનો તેઓ સામનો કરતા હોય તે દૂર કરવા; જેમાં કૃષિ, પશુપાલન (વિચરતા કે સ્થિર), વનવિદ્યા, માછીમારી, હસ્તકલા, કુટિર ઉદ્યોગ, પારંપરિક દવાઓ અને અન્ય તેવાં ક્ષેત્રો (એ બાબતનો સ્વીકાર કરતાં કે મોટા ભાગના ભારતીયો હજી પણ તેના ઉપર નિર્ભર છે)માં આજીવિકાનો સમાવેશ થશે; આવી આજીવિકાને ચાલુ રાખવા કે અપનાવવા માટે વર્તમાન અને ભાવિ પેઢીને વિશેષ પ્રોત્સાહનો પૂરાં પાડવાં જેમાં આર્થિક મૂલ્ય કડી, પુરૂષ પ્રભાવી ક્ષેત્રોમાં મહિલાઓનું સશક્તિકરણ, જમીન (વન અધિકાર કાયદા હેઠળ આદર્શ સામુદાયિક વન સંપદાનો ઉપયોગ કરીને) સહિતની સંબંધિત સ્ત્રોતો ઉપર સામુદાયિક અધિકારો અને વિકાસ નવીનતાને પ્રોત્સાહન આપવા સંસ્થાઓનો સમાવેશ થશે.

તેના સભ્યો દ્વારા લોકતાંત્રિક રીતે ચલાવવામાં આવતી સહકારી સંસ્થાઓને સુગમતા કરી આપવા જેવાં પગલાંઓ મારફત સ્થાનિક. સમુદાય આધારિત અને વિકેન્દ્રીત ઉત્પાદન (પારંપરિક અને નવી હસ્તકલાઓ સહિત)ને પ્રોત્સાહન આપીને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાએ બનાવી કે ઉત્પાદિત કરી શકાય તેવાં તમામ ઉત્પાદનો અને સેવાઓને અનામત રાખો; આ ઉત્પાદનો અને સેવાઓમાં મોટાં વ્યાપારગૃહો/નિગમોનાં નિયંત્રણને તબક્કાવાર ઘટાડતાં , અને જ્યાં આવા ઉત્પાદકો સ્થિત છે તેવા ગ્રામ્ય અને પડોશના શહેરી વિસ્તારોમાં ઉત્પાદન પ્રક્રિયાને સુગમતા કરી આપો;

એક જ પ્રકારનાં કામમાં પુરૂષો અને મહિલાઓ વચ્ચેના વેતન અને મહેનતાણાંની અસમાનતાને દૂર કરવા માટે પગલાંઓની શરૂઆત કરો;

મહતમ પગાર અને વેતનને સરેરાશ આવકથી બમણાંથી વધારે ન હોય તેટલા સ્તરની મર્યાદામાં રાખવા અને શક્ય હોય તેટલો ન્યુનતમ ઘટાડો, શારિરીક અને માનસિક મજૂરી વચ્ચે, જુદા જુદા પ્રકારના વ્યવસાયો વચ્ચે અને સંસ્થાઓમાં રોજગારીના જુદા જુદા સ્તરો વચ્ચે અસમાનતામાં ઘટાડો કરવા માટેનાં પગલાંઓ લેવાની શરૂઆત કરો;

મનરેગા જેવા અત્યારના કામની બાંહેધરી આપતા કાર્યક્રમોના વ્યાપમાં વધારો કરો અને વ્યાપક બનાવો અને શહેરી ગરીબ લોકોને પાયાની આર્થિક સલામતિ આપવા માટે શહેરી આજીવિકા બાંહેધરી યોજના જેવા નવા કાર્યક્રમો શરૂ/દાખલ કરો;

કર્મચારી રાજ્ય વીમા કાયદાની(ESI) જોગવાઇઓ અસંગઠિત કામદારો સહિત તમામ કામદારો સુધી લંબાવો અને તે બાબતની ખાતરી કરો કે, ESI ભંડોળ (૧ લાખ કરોડથી વધારે હોવાના અહેવાલ છે)નો ઉપયોગ તેઓનાં કલ્યાણ માટે કરવામાં આવે;

વૈશ્વિક લઘુતમ પેન્શન/નિવૃતિ ભથ્થું ચૂકવાય તેની ખાતરી કરો જે છેલ્લે મેળવેલ પગાર કે ન્યુનતમ માસિક પગારથી અર્ધું એ બેમાંથી જે વધારે હોય તેટલું હોય.

આજીવિકા અને રોજગારી જે પર્યાવરણીય સંવેદી, ટકાઉ અને માનભેર હોય તેને પ્રોત્સાહિત કરો જે “ગ્રીન જોબ્સ” અને ન્યાયોચિત સંક્રાંતિ (જેઓ “ગંદા” વ્યવસાયમાં રોકાયલા છે તેઓ માટે જરૂરી પૂન:કુશળ અને કુશળતા સુધારણા સહિત) ની દૃષ્ટી ઉપર કામ કરતાં જેને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રોતસાહિત કરવામાં આવેલ છે;

અર્થકારણની સર્વગ્રાહી સમજણ માટે રાષ્ટ્રીય ગણત્રીમાં સંભાળ કાર્યને સમાવી લેવા અને કેટલીક સવેતન રજાઓ, પોસાય તેવી બાળ સંભાળ અને વયસ્ક સંભાળ (મહિલાઓ જેવી) આપીને સમર્થક સંભાળકર્તાઓનાં

લાંબા ગાળાની એકંદર સુખાકારી અને લાંબા ગાળાનાં સમર્થનને અને જાહેર આરોગ્ય અને શૈક્ષણિક પ્રણાલીઓમા પર્યાપ્ત રોકાણો કરીને પ્રોત્સાહિત કરવું.

તમામ સરકારી ખાલી જગાઓમાં સમયસરની ભરતીની ખાતરી રાખવી, શિક્ષણ, આરોગ્ય સંભાળ, ન્યાય, પંચો અને અન્ય આવશ્યક જાહેર સેવાઓમાં તમામ ખાલી જગાઓ ભરાય તેની ઉચ્ચ પ્રાથમિકતા આપવાની ખાતરી રાખવી.

## અર્થતંત્ર અને પ્રોદ્યોગિકી/ટેક્નોલોજી

ભૂતકાળમાં ભારતનાં અર્થતંત્ર અને તકનીકી વિકાસ ઉપર જ્યારે રાજ્યનું પ્રભુત્વ હતું, હવે તેમાં ખાનગી નિગમોની વધતી જતી મજબૂત પકડ જોડાઇ છે, ખાસ કરીને ૧૯૯૧ના કહેવાતા "સુધારાઓ" બાદ. પરિણામે, અસમાનતાનો દેખીતો વધારો છે, લાખો ઉત્પાદકોનું સ્વતાર્પણ જેઓનું ઉત્પાદનનાં સાધનો ઉપર કોઇ નિયંત્રણ નથી ઉપભોક્તાઓ દ્વારા જેનો તેઓ વપરાશ કરે છે તેના ઉપર નિયંત્રણનો અભાવ, તકનીકો/ટેક્નોલોજીઝના પર્યાવરણીય અને સામાજીક પ્રભાવ/અસર સંબંધી નબળાં કે ન હોય/ગેરહાજર નિયમનો અને નિગમો/કોર્પોરેશનોનું તેઓના નફા/ફાયદા માટે જમીન, સંપદા અને ધિરાણ પચાવી પાડવા માટે લગભગ સૌને માટે મુક્ત/મફત લેવાનું વલણ.. ,.આના પ્રતિ-વલણ તરીકે, એવી પણ પહેલો છે જે આર્થિક અને ટેક્નોલોજીકલ વિકાસ માટે લોકો અને પર્યાવરણને પ્રાથમિકતા આપે છે. એકંદર સંકટો તેમજ અસ્તિત્વ ધરાવતા વૈકલ્પિક અભિગમોના સંદર્ભે, નીચે જણાવેલ પગલાંઓ સહિત અર્થતંત્ર અને ટેક્નોલોજી ઉપર લોકો અને લોકતાંત્રિક નિયંત્રણોની પુન:સ્થાપના/લાદવાની (આર્થિક સ્વરાજ)ની ભીષણ જરૂરત છે;

કેટલાક ડઝન કિલોમીટરની ત્રિજયામાં (અન્ન, ઉર્જા, પાણી અને આવા ક્ષેત્રોનાં વિકેન્દ્રીકરણ બાબતે નીચે જુઓ) લાંબા ગાળાના ઉદ્દેશ સાથે સ્વનિર્ભર, પ્રમાણમાં સ્વપર્યાપ્ત સમુદાયોની સ્થાપના માટે જ્યાં જરૂરીયાતોનું ઉત્પાદન કરી શકાય તે સાથે ખાસ કરીને પાયાની જરૂરીયાતો પૂરી પાડી શકાય તેવું શક્ય હોય ત્યાં તમામ ક્ષેત્રોમાં ઉત્પાદન અને વિનિમયનાં પૂન:સ્થાનીકીકરણ માટે સમર્થ કરો.

મજૂર અને પર્યાવરણનાં શોષણ અને વિવિધ પ્રકારના એકાધિકારને દૂર કરવા ખાનગી વ્યાપાર ક્ષેત્રને સખતાઇથી નિયંત્રિત કરો અને છેવટે આવાં તમામ ઉત્પાદનોને યોગ્ય સમર્થન સાથે લોકતાંત્રિક રીતે ચાલતા ઉત્પાદક સહકારી સંઘો સાથે/થી બદલો. ;

તમામ કાર્યો માટે સમાન મૂલ્યોના સિધ્ધાંત આધારિત સામુદાયિક ચલણ, બિન નાણાકીય પ્રણાલીઓ, ભેટ આપવાનું અર્થતંત્ર અને સમયને સહિયારો કરવા સહિતની વિકેન્દ્રીત, સ્થાનિક વિનિમય પ્રણાલીને તૈયાર કરવા અને ફેલાવા/વ્યાપને પ્રોત્સાહન આપો;

પાયાની જરૂરીયાતો માટે સ્થાનિક સ્વનિર્ભરતા કે સ્વપર્યાપ્તાના ભોગે ન હોય તેના સહિતના મોટા પાયાના વ્યાપાર અને આર્થિક આપ-લેના સિધ્ધાંતોને યોગ્ય રીતે મૂકો;

આવક ઉભી કરવા અને આર્થિક નિર્ણયો લેવામાં રાજ્ય અને સ્થાનિક સ્વશાસનને વ્યાપક નાણાંકીય સ્વાયતતાક્ષમ બનાવવા માટે નાણાંકીય વિકેન્દ્રીકરણ અને સંઘવાદને મજબૂત કરો;

માલસામાન અને સેવાઓનાં તમામ ઉત્પાદનોને એવી પ્રક્રિયા તરફ લઇ જાઓ જે પર્યાવરણીય સંવેદી અને ટકાઉ હોય;

સદીઓથી "સામાન્ય" લોકો દ્વારા નવીનતા અમલમાં છે અને તે ઔપચારિક, અદ્યતન સંસ્થાઓનો એકાધિકાર નથી તેનોસ્વીકાર/માન્ય કરતાં ઉત્પાદકો અને સમુદાયો વચ્ચે તકનીકી અને આર્થિક નવીનતાને પ્રોત્સાહિત કરો; લોકતાંત્રિક, વિકેન્દ્રીત, અનૌપચારિક પ્રણાલીઓને માન આપવા અને પ્રોત્સાહન આપવા વર્તમાન યોજનાઓ, ઝુંબેશો/હેતુઓ અને નવીનતાની સંસ્થાઓ, સંરચના અને આવડતો/કુશળતાને પુન:અભિગમિત કરો.
પર્યાવરણીય ટકાઉપણું અને સામાજીક-સાંસ્કૃતિક સંવેદીતા તરફ દોરી જતી અને જે ઉત્પાદન, પરિવહન અને અન્ય સંબંધિત પ્રક્રિયાઓ તરફ લઇ જતી નવીનતાને પ્રોત્સાહન આપો.
જેની રચના બિન-વસાહતી, મહિલાવાદી,પર્યાવરણીય અભિગમ ઉપર થઇ છે સામગ્રી, સામાજીક-સાંસ્કૃતિક, પર્યાવરણીય સુખાકારીનાં પાસાંઓ સહિત તે બહુ આયામી,ગુણવતાત્મકતા-માત્રાત્મક પગલાંઓ સાથે આર્થિક સુખાકારીનાં પગલાં તરીકે જી ડી પીને બદલો, આમાં, વૈવિધ્યસભર ભારતીય પરિસ્થિતિ અને જીવન પ્રથા, ઉપલબ્ધ પ્રણાલીઓ જેવી કે, એકંદર રાષ્ટ્રીય સુખ, રાષ્ટ્રીય સુખાકારી હિસાબો, અને વાસ્તવિક વિકાસ સૂચકાંકો (અને એક સૂચકાંકના ઉપયોગની જાળમા ન પડતાં) માંથી શીખો અને તેમાં સુધારો કરો,

વ્યર્થ ઉપભોગ અને ઉપભોગતાવાદની સંસ્કૃતિને આવી વર્તણુક્ના પ્રભાવ અંગે વ્યાપક જાગૃતિ મારફત પ્રોત્સાહન વિહિન કરો, તેને પ્રોત્સાહિત કરે છે તેઉદ્યોગ અને જાહેરાતોનું નિયમન અને સંપતિના સંચયને મર્યાદિત કરવા માટેનાં પગલાંઓ(નીચે જુઓ), માનવીય અને પર્યાવરણીય આરોગ્ય પ્રત્યે લોક્તાંત્રિક નિયંત્રણ અને સંવાદિતા તરફ અર્થતત્રને લઇ જવામાં સહાયક બને તે માટે ઉપભોક્તા સામૂહિક અને સંઘોને સુગમતા કરી આપો;

ભારતને પીડિત કરતી આર્થિક અસમાનતાના ઉકેલ માટે પગારો/આવકો ઉપર મર્યાદા બાંધીને, ઉંચા સ્તરની આવકો, સંપતિ અને વારસા ઉપર ભારે કરવેરા,હાલે જેઓ "ગરીબી રેખા" થી નીચે છે કે થોડાક જ ઉપર છે તેવા તમામ લોકોની મૂળ આવકમાં વધારો કરવા જેવાં આકરાં અને તાત્કાલિક પગલાંઓ ભરો, પ્રાથમિક ક્ષેત્રના ઉત્પાદકો અને સેવા પ્રદાતાઓ માટે પેન્શન યોજના, અને આવાં અન્ય પગલાંઓ લો; ખાનગી મિલ્કત અને સંપતિ અને તેના વારસાને નિયંત્રિત કે દૂર કરવા માટેની જરૂરીયાત માટે એક રાષ્ટ્રીય સ્તરની ચર્ચાની શરૂઆત કરો;

તે બાબતની ખાતરી રાખો કે, તમામ આયોજનો, બજેટિંગ અને અન્ય મેક્રો/અસૂક્ષ્મ આર્થિક્નીતિઓ અને કાર્યો પર્યાવરણીય લક્ષ્યો અને સામાજીક-આર્થિક ન્યાય અને ઔચિત્યની મર્યાદાઓ સાથે સુસંગત છે.

ઉપર જણાવેલ મોટા ભાગનાંકાર્યો સાથે સુસંગત, 'કાળું અર્થતંત્ર' (મિલકત આવક જેવી કે, નફો, વ્યાજ, ભાડું અને લાભાંશો/ડીવીડંડ જેમાં સીધા કર ભરવામાં આવ્યા હોય પરંતુ નથી ભરાયા)ને અટકાવવા અને દૂર કરવા માટે આકરાં પગલાંઓ ભરો, જે વિપુલ પ્રમાણમાં વધી ગયું છે અને અર્થતંત્ર અને સમાજનાં દરેક પાસાંઓ ઉપર પ્રતિકૂળ અસર કરે છે; જેમાં બેન્કોના વ્યવહારો/લેતીદેતી અને કર સુધારણા જેવી કે નિગમો/કોર્પોરેશનો ઉપર કુલ નફા ઉપર કરવેરાનો સમાવેશ થાય છે. .

**અન્ન, જળ અને ઉર્જા**

પાયાની જરૂરીયાતો અને કેટલાક ચોક્કસ લાભો સાથે કામ કરતા ક્ષેત્રો અને કલ્યાણકારી કાર્યક્રમોમાં દાયકાઓના 'વિકાસ' છતાં ભારત હજી પણ ભૂખમરો સંકટ, કુપોષણ અને અસલામત અન્ન, સ્વચ્છ અને સલામત જળ સુધીની પહોંચનો અભાવ અને ઉર્જાના ભરોસાપાત્ર અને સ્વચ્છ સ્રોત સુધીની અપર્યાપ્ત પહોંચનો સામનો કરે છે.*I* વધારામાં,લાખો લોકો અન્ન, જળ અને ઉર્જા ઉત્પાદન કે તેની જોગવાઇઓ કરવામાં આવે છે અને અન્ન અને જળમાં ઝેરની વિશાળ માત્રા પ્રત્યે અસુરક્ષિત છે. તેમ છતાં, અતિ સીમાંત લોકો સુધી પહોંચતી પર્યાવરણીય ટકાઉપણા સાથે પાયાની જરૂરીયાતો માટે લોકોની પહેલો છે, જે પૈકીની અમુકને સરકારનું સમર્થન મળે છે.

અન્ન

કૃષિપર્યાવરણીય (સજીવ/કુદરતી સહિત), ઓછી બાહ્ય સામગ્રી, જળ બચાવ, નાના ખેડૂત આધારિત, જૈવિક વિવિધતા(સ્થાનિક બરછટ અનાજ, કઠોળ અને અન્યોને પ્રોત્સાહન) જેવાં ઉપાયો મારફત અન્ન ઉત્પાદન માટે જમીનના ઉપયોગને પ્રોત્સાહિત કરો અને ઉત્તેજન આપો અને બીયારણ, જમીન અને જ્ઞાન(અન્ન સ્વરાજ મેળવવામાં)સહાય સહિતનાં સાધનો ઉપર જ્યાં ખેડૂતોનું સાર્વભૌમત્વ છે; અન્ન સાર્વભૌમ થવા અને આવા બદલાવ માટે અન્ન સલામતી કાયદામાં સુધારો કરો, અને ખેડૂતો આત્મનિર્ભર થાય ત્યાં સુધી તમામ રસાયણિક ખાતરની સહાય કૃષિપર્યાવરણીય ઉત્પાદનમાં તબદીલ કરો, રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ઉપયોગને તબક્કાવાર ઘટાડવા માટે વચગાળાનાં વ્યવસ્થિત પગલાંઓ ભરીને અને ઓછી બાહ્ય સામગ્રી તકનીકોના ઉપયોગથી તેને બદલાવીને અન્ન ઉત્પાદનમાં ભારતને ૨૦૪૦ સુધીમાં ૧૦૦ % સજીવ કરવાનું ધ્યેય રાખો;

સલામત અન્ન માટેની સહાયને દૂર કરીને અને જ્યાં જરૂરી હોય ત્યાં સલામત/આરોગ્યપ્રદ અને પોષયુક્ત અન્ન માટે કામચલાઉ સહાય આમાં જાહેર વિતરણ વ્યવસ્થા (PDS), મધ્યાન ભોજન અને અન્ય ગરીબ લોકો સુધી અન્ન પહોંચાડવાના લક્ષ્ય સાથેના અન્ય કાર્યક્રમોનો સમાવેશ કરીને શહેરની કામકાજી વસ્તી કે જે અન્યથા ખરાબ/ભંગાર અન્ન ખાવા માટે તિરસ્કાર પામેલ લોકો સહિતના આર્થિક રીતે સીમાંત સમુદાયોને વ્યાજબી કિમતના સજીવ અન્ન (ધાન/બરછટ અનાજ માટેની પહોંચ માટે સુગમતા કરી આપવી,

‘ધીમો ખોરાક’ અને ભંગાર/નકામા ખોરાક ઉપર વિભિન્ન પોષણયુક્ત ખોરાકો જેવા કે, બરછટ અનાજ/ધાનને પ્રોત્સાહિત કરીને અને જાતીગત અન્ન વંશવેલા અને અન્ન સંસ્કૃતિ અને પ્રથાનાં સમાંગીકરણ લાદવાની ક્રિયાને નકારીને ભારતમાં ભોજન અને ખોરાકનાં મહત્વ અને મૂલ્યોની અગત્યતા જાગૃતિ ઉભી કરો.

ખોરાકમાં ઉગાડ્યા ન હોય તેવા અન્નનો ઉપયોગ ચાલુ રાખવા કે ફરીથી શરુ કરવાને પ્રોત્સાહિત કરો પણ એ બાબતનો ખ્યાલ રાખવો કે તેનો ઉપયોગ ટકાઉ હોય;

ખાદ્ય સામગ્રીના ઉત્પાદકો અને ઉપભોક્તાઓ વચ્ચે જોડાણમાં તે સુગમતા કરી આપો જે પરસ્પર માન અને વિશ્વાસને પ્રોત્સાહિત કરે, શક્ય હોય ત્યાં સુધી અન્ન/ખોરાકની જરૂરીયાતો પૂરી પાડવા માટે સ્થાનિક વ્યાપારને પ્રોત્સાહિત કરવો અને બન્નેને સ્વીકાર્ય હોય તેવી કિમત માટે વાટાઘાટ કરવા સમર્થ બનાવો;

બજારની પરિસ્થિતિ, ખેડૂતોને મળતી વ્યાજબી કિમત માટે અનુકૂળ ન હોય તેવી પરિસ્થિતિમાં ખેત પેદાશોને ન્યુનતમ કિમતનું સમર્થન આપો. .

**જળ**

સંબંધિત તમામ નીતિઓ અને કાર્યક્રમોમાં પાણીના ઉપયોગ માટે નીચે જણાવેલ પ્રાથમિકતાઓની સ્થાપના અને અમલ કરો( પ્રાથમિકતાના ક્રમ મુજબ): જીવન માટે જળ ( પીવાનું, ધોવાનું, સ્વચ્છતા, પશુઓ, વન્યજીવન), પર્યાવરણીય/પારિસ્થિતીકીની જરૂરીયાતો અને કાર્યો, આજીવિકા (અન્ન ઉત્પાદન સહિત), બદલાવો પ્રત્યે અનુકૂલન (આબોહવા, જમીનનો ઉપયોગ, આજીવિકા, વગેરે), અને જ્યાં સખત તંગી છે તેના સિવાય આપૂર્તિ વૃધ્ધિના બદલે ઔદ્યોગીક/આંતર માળખાંકીય ઉપયોગ, માંગ વ્યવસ્થાપનને પ્રાથમિકતા આપવી, ખાસ કરીને વૈભવી અને વ્યર્થ ઉપયોગોને અટકાવવા.

પારંપરિક અને આધુનિક જ્ઞાનનાં યોગ્ય સંયોજન સાથે વિકેન્દ્રીત લણણી, નિયંત્રણ અને મોટી યોજનાઓ અને કેન્દ્રીત નિયંત્રણ ઉપર પાણીનો ઉપયોગને પ્રાથમિકતા આપો;

ભીની જમીન અને જળસ્ત્રોતોના (જ્યાં સંભવ હોય ત્યાં મોટી પરિયોજનાઓનું વિઘટન કરવા સહિત) નવજીવન, પૂન:સ્થાપન અને પ્રદૂષણરહિત/મુક્ત માટે અને તેના આવક્ષેત્રોનાં નવજીવન અને સંભાળને વ્યાપક સમર્થન પૂરું પાડો.

ખાસ કરીને જળ આપૂર્તિ, વ્યવસ્થાપન અને પહોંચમાં લિંગ વિભાજનનો હલ કાઢવા માટે સમાજ આધારિત નિયંત્રણ યંત્રણા મારફત જળની ઉચિત વહેંચણીની ખાતરી રાખો, આવી યંત્રણાઓ મારફત જળના (ભૂમિગત જળ સહિત) ઉપયોગનાં નિયંત્રણ માટે પગલાંઓ લેવાની પહેલ કરો;

કાર્યક્ષમ પગલાંઓ, ઉચિત જળવિતરણ, માંગ વ્યવસ્થાપન અને  પૂન:ઉપયોગ  મારફત જળના જુદા જુદા ઉપયોગ જેવા કે, ઘરેલુ, કૃષિ અને ઔદ્યોગિક ઉપયોગનાં જળપદચિન્હ ઘટાડો.  ;

મોટી જળ આધારિત માળખાંકીય યોજનાઓ જેવી કે, નદીઓનું આંતરજોડાણ, અંતર્દેશીય જળમાર્ગો અને મોટી જળવિદ્યુત યોજનાઓની સમીક્ષા કરો કારણ કે, તે જીવો, આજીવિકા અને બાકીની કુદરતનો નાશ કરે છે: તેને બદલે તમામ સંબંધિત લોકોની સહભાગીતા સાથે વધારે ટકાઉ, આબોહવા સંવેદી તેમજ સસ્તા વિકલ્પોને પ્રોત્સાહિત કરો;

આબોહવા અનુકૂલનના નામે ચાલતી યોજનાઓ ટૂંકીદૃષ્ટી વાળી હોય છે કે કેટલીક નદીઓનુ ઉંડે ઉતરી જવાની, પટ પહોળો થવાની અને સીધો થવાની પ્રક્રિયા જેવી ગંભીર પર્યાવરણીય સમસ્યાઓ બનતી હોઇ તેને રોકો;

તમામ જળ અને જળાશયોને જાહેર સ્થળો તરીકે માનો, ખાનગીકરણ માટે અનુપલબ્ધ; આ બાબતે બંધારણીય જોગવાઇઓ અને કાયદેસરનાં પગલાંઓ ઉમેરો; ;

જુદા જુદા ધોરણે સંસ્થાઓનું માળાની રીતે ગઠન કરો (રાજ્યો અને રાષ્ટ્રીય સરહદોની  આરપાર જતા સૂક્ષ્મ-જળસ્ત્રાવો, નદીના પેટા તટપ્રદેશો કારણ કે, આપણી ઘણી નદીઓ આંતરસરહદીય પ્રકારની છે)જે સંઘર્ષોની ચર્ચા અને નિવારણ કરવા માટે વિગતો, માહિતી અનુભવોનું આદાનપ્રદાન કરે અને કાયદાકીય રીતે આદેશિત લોકતાંત્રિક સંસ્થાકીય સ્થાન તરીકે કામ કરે;

ઉત્તરાખંડ ઉચ્ચ ન્યાયાલય દ્વારા ગંગા નદી અને યમુના નદીના અધિકારોને જેમ માન્યતા મળી છે તે અનુસાર નદીઓ અને તળાવો સહિતનાં જળાશયોના અધિકારોને તેના પોતાની રીતે એક અસ્તિત્વ તરીકે માન્યતા આપો..

**ઉર્જા**

મજબૂત માંગ વ્યવસ્થાપન, ઉર્જાના વ્યર્થ વપરાશને અટકાવવા અને ઉર્જા ઉત્પાદન કેટલે અંશે પર્યાવરણીય ટકાઉ છે અને તેને મર્યાદામાં રાખો; ઉર્જા સંરક્ષણ અને બચત્ને પ્રોત્સાહન આપવું, અને બગાડ કરતાંની જગાએ કાર્યક્ષમ સામગ્રી અને સાધનોનો ઉપયોગ;

રુઢીગત સ્ત્રોતો અને ઉત્પાદનને બદલે પૂન:પ્રાપ્ય, સહભાગીતા સાથે સંચાલિત/શાસિત ઉર્જા સ્ત્રોતો ઉત્પાદન અને વીજસંકલનને  પ્રાથમિકતા આપો, વિકેન્દ્રીત કરો;  અશ્મિભૂત ઇંધણ અને પરમાણું ઇંધણ આધારિત ઉર્જા ઉત્પાદનને તબક્કાવાર દૂર કરો અને ૨૦૩૦ સુધીમાં સંપૂર્ણપણે પૂન:પ્રાપ્ય દ્વારા બદલો; નવા મોટાં જળઉર્જા કારખાનાંની જરૂરીયાતોને દૂર કરીને કે તેમાં માં નોંધપાત્ર ઘટાડો કરીને હયાત જળઉર્જાને ક્ષમતાને ઇષ્ટતમ બનાવો અને ઉપયોગ કરો; અને છેવટે મોટાં જળઉર્જા કારખાનાંઓમાંથી મુક્તિ લાવવી;

ઉર્જા સુધીની ઉચિત પહોંચની ખાતરી માટે અત્યારે જેઓ વૈભવી હેતુઓ માટે વાપરે છે તેઓ પાસેથી તેને બદલે જેઓ પાસે પાયાના હેતુઓ માટે પણ નથી તેઓ માટે પૂન:વિતરણ કરવા સહિતનાં પગલાંઓની પહેલ કરો;

બાયોમાસ અને પારંપરિક તકનીકો જેવી કે જરૂર હોય તે મુજબ સુધારેલ જળચક્કીઓ અને નિષ્ક્રિય ગરમ કરવું અને ઠંડું કરવું સહિત બિન વિજળી/વિદ્યુત ઉર્જાના વિકલ્પોને પ્રોત્સાહિત કરો;

તેની પડતરની ઉચિત પ્રમાણમાં વહેંચણી કરવાની સાથે ઉત્પાદન અને વિતરણને ઇષ્ટ કરો, કાર્યક્ષમતામાં સુધારો કરીને, જાહેર સંસ્થાઓને જવાબદેય બનાવીને અને ઉર્જા આયોજનમાં સીમાંત લોકોની જરૂરીયાતોને સામેલ કરો;

**આરોગ્ય અને સ્વચ્છતા/આરોગ્યરક્ષણ**

નિવારક અને વ્યાધિશામક આરોગ્ય સેવાઓ સુધીની નબળી પહોંચ, ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રનાં વધતાં જતાં ખાનગીકરણ, પોષણક્ષમ અને પર્યાપ્ત અન્ન અને સ્વચ્છ પાણી સુધીની અપર્યાપ્ત પહોંચ, રાસાયણિક પ્રદૂષકો અને વિરોધાભાસી સામાજીક વાતાવરણ, કુદરત પાસેથી મફત કે સસ્તી પોષણયુક્ત ખાદ્યસામગ્રી અને તબીબી સંપદાઓની ઉપલબ્ધતામાં ઝડપી ઘટાડો, ખરાબ ખાદ્યસામગ્રી અને પીણાંઓને ગેરજવાબદાર ઉત્તેજન, "સમૃધ્ધિની બિમારી" દ્વારા થતા વધારાને "ગરીબિની બિમારી:નું ચાલુ રહેવું, માનસિક આરોગ્યની સમસ્યાઓનું ચિંતાજનક સ્તર અને આરોગ્ય પ્રણાલી, ખાસ કરીને 'આયુશ અને ગ્રામ્ય પધ્ધતિઓને પ્રોત્સાહન આપવાનું અધકચરૂં ઉત્તેજનને કારણે સમાજના અતિ નિર્બળ વિભાગો માટે વ્યાપક આરોગ્ય સંકટો પ્રવર્તે છે. કોરોના મહામારી ના દેશવ્યાપી રોગચાળા દરમિયાન જાહેર આરોગ્ય સેવા પ્રણાલીઓની સંપૂર્ણપણે અપર્યાપ્ત ઉપલબ્ધતા એકદમ નજરે આવી હતી. પરંતુ બન્ને કોરોના મહામારીઓ અને અન્ય પરિસ્થિતિઓ દરમિયાન અને ત્યારથી બિમારીને અટકાવવા અને ઉપચારાત્મક સમર્થન આપવા માટે સમુદાયો, નાગરિક સમાજો અને કેટલીક સરકારી સંસ્થાઓની આગેવાની હેઠળ જાહેર આરોગ્ય માટેનાં પ્રેરણાત્મક દાખલાઓ પણ જોવા માળ્યા હતા. આમાંથી બોધપાઠ લઇને નીચે જણાવેલ પગલાંઓ લેવાની તાત્કાલિક જરૂર છે;

આરોગ્યના સામાજીક નિર્ધારકો જેવાકે પોષણયુક્ત ખોરાક, પાણી, સ્વચ્છતા, માનસિક સુખાકારી, એક સ્વચ્છ વાતાવરણ, સલામત પરિવહન, અને આરોગ્યપ્રદ સામાજીક વાતાવરણમાં સુધારો કરીને સૌથી પહેલાં બિમારીને રોકવા માટે ઉચ્ચ પ્રાથમિકતા આપો; અને બિમારીના (ધુમ્રપાન અને અતિશય પ્રક્રિયા કરેલ ખોરાક સહિતનાં પાસાંઓને નિગમો અને અન્ય અન્યો દ્વારા નફો મેળવવાના હેતુથી ઉત્તેજન આપવામાં આવ્યું હોય વ્યવસાયિક નિર્ધારકોને પડકાર આપીને; કોઇ એક વ્યક્તિની પુરવાર થયેલ સમજણોને પડકાર આપીને; કોઇ એક વ્યક્તિનાં શરીર અને પોતાનાં આરોગ્યની સંભાળ લેવા માટે આરોગ્ય બાબતે સમયના એરણે પારંપરિક અને સાબિત થયેલ આધુનિક સમજણને ઉત્તેજન આપવું,લોકોને પોતાનાં આરોગ્યની સંભાળ રાખવા સશક્ત કરવા અને આ બધાંને આરોગ્ય, પોષણ અને તબિબી તાલિમ સંસ્થાઓના અભ્યાસક્રમના મુખ્ય ભાગમાં સમાવેશ કરવો;
જેઓની કાર્યક્ષમ જાહેર આરોગ્ય સેવાઓ સહિતની પરંપરાગત સેવાઓ સુધીની પહોંચ ન હતી તેઓને ઉપચારાત્મક સગવડો સુધીની પહોંચ પૂરી પાડવાની અને રાજ્યની નાગરિકો પ્રત્યેની જવાબદારી ની જવાબદેયતાની ખાતરી રાખો;

**તબીબી હસ્તક્ષેપોની મર્યાદાઓ સ્વીકારીને વધારે પડતા હસ્તક્ષેપોને ટાળો;**

દેશી/લોક દવાઓ, કુદરતી ઉપચાર, આયુર્વેદિક,યુનાની અને અન્ય સર્વગ્રાહી કે એકીકૃત અભિગમો સહિતની ભારત અને બહારની વિભિન્ન પધ્ધતિઓના લોકપ્રિય ઉપયોગને ફરીથી અમલમાં લાવતાં  જુદી જુદી આરોગ્ય પ્રણાલી, પારંપરિક અને આધુનિકનાં બહુવચનતા અને એકીકરણ માટે સુગમતા કરો; એ બાબતની ખાતરી રાખો કે, દરેક આરોગ્ય દવાખાનું, હોસ્પિટલ અને અન્ય આવી સગવડતાઓ ખાતે બહુઆયામી પધ્ધતિઓ ઉપલબ્ધ છે;

આરોગ્યપ્રદ વાતાવરણના નિભાવ, યુવાઓ અને નબળા લોકો માટે સલામત સ્થાન બનાવી અને માનવીય અને અન્ય કચરાનાં જાતિ આધારિત વ્યવસ્થાપન ને દૂર કરી પ્રત્યે વ્યક્તિગત અને સામૂહિક જવાબદારી સાથે આરોગ્ય સંભાળ અને સ્વચ્છતાના લોક આધારિત વ્યવસ્થાપન અને નિયંત્રણને સમર્થ અને અધિકૃત બનાવો;

હોસ્પિટલો અને તબીબી સેવાઓ સુધી પહોંચ અને ત્યાં પર્યાપ્ત કામદારોની ખાતરી રાખીને હાલનાં જાહેર આરોગ્ય માળખાંને વિસ્તૃત કરો અને સુધારો. અતિશય આરોગ્ય ખર્ચને  રોકવા ખાનગી હોસ્પિટલોમાં કિમતની મર્યાદાઓ અંગેના કાયદાઓનું અમલીકરણ કરીને તમામ લોકો માટે પહોંચક્ષમ તબીબી સેવાઓની ખાતરી રાખો.

એ બાબતની ખાતરી રાખો કે GDPના ઓછામાં ઓછા ૩ % આ પ્રવૃતિઓને સમર્પિત હોય.

**પર્યાવરણ, પારિસ્થિતિકી અને આબોહવા**

વિનાશક વિકાસ પરિયોજનાઓ, વ્યાપારીકરણ, કેન્દ્રીત અને નબળું શાસન, નિર્ણય લેવામાં અને વ્યવસ્થાપનમાં અગત્યના/અર્થસભર લોકોની સામેલગીરીનો અભાવ, અને કેટલાક વસ્તીવિષયક વલણોને કારણે ગત કેટલાક દાયકઓએ મોટા પાયાનાં, વ્યાપક અને ભરપાઈ ના કરી શકાય તેવાં કુદરતી પરિસ્થિતિકી પ્રણાલી, જૈવ વૈવિધ્યતાને નુકશાન થયાં છે. .૧૯૯૧થી જ્યારે આર્થિક 'સુધારાઓ'દાખલ કરવામાં આવ્યા, મહામહેનતે અમલી બનેલા કાયદાઓમાં, પર્યાવરણીય કાયદાઓ અને પ્રક્રિયાઓમાં ઢીલાશ આવી છે કે તેને બાજુએ મૂકવામાં આવ્યા છે, એક પ્રક્રિયા જે ગત કેટલાંક વર્ષોમાં નોંધનીય રીતે તીવ્ર બનાવવામાં આવી છે (જેવા કે વન, જૈવ-વૈવિધ્યતા અને અન્ય પર્યાવરણીય કાયદાઓના છેલ્લામાં છેલ્લા સુધારાઓ સાથે). તાજેતરના સમયમાં આબોહવાનાં સંકટો દ્વારા બગાડવામાં આવેલ છે, જે લાખો લોકોને પ્રભાવિત કરે છે, ખાસ કરીને પ્રાથમિક ઉત્પાદક ક્ષેત્રમાં કે બહારની/ખુલ્લામાં સેવાઓમાં કામ કરતા લોકો. અત્યંત નબળી બચાવ અને પ્રતિસાદ યંત્રણાઓ સાથે કહેવાતી 'કુદરતી' દુર્ઘટનાઓના બનાવો વધતા જાય છે અને તો પણ પર્યાવરણ, આબોહવા અનુકૂલન અને દુર્ઘટના પ્રતિસાદ માટેનું બજેટ સંપૂર્ણપણે અપર્યાપ્ત રહ્યું છે અને દલિતો, આદિવાસીઓ, જમીન વિહોણા ખેત મજૂરો, અસંગઠિત રોજંદારો, દિવ્યાંગતા ધરાવતા લોકો અને તે પૈકીની મહિલાઓ અને બાળકો સહિતના અન્ય સીમાંત વર્ગો માટે કોઇ વિશેષ પગલાંઓનો સમાવેશ નથી થતો. બીજી બાજુ, જૈવ વૈવિધ્યતા સંરક્ષણ બાબતે સમુદાય પ્રેરિત સેંકડો પહેલો અને પર્યાવરણીય નવજીવન કે આબોહવાની અધોગતિનાં નિવારણ અને દુર્ઘટના અનુકૂલન અને પ્રતિસાદ ભારત ભરમાં અસ્તિત્વ ધરાવે છે – છતાં હજી પણ પ્રભાવી વલણના અપવાદ તરીકે. આ સંદર્ભે નીચે જણાવેલ બાબતે તાત્કાલિક પગલાંઓ લેવાં જરૂરી છે; :

સમગ્ર દેશ તરીકે અને તેમાં આવેલ ક્ષેત્રોનો પર્યાવરણીય મર્યાદાઓ અને ધારણક્ષમતાની સ્થાપના (શ્રેષ્ઠ ઉપલબ્ધ પારંપરિક અને આધુનિક જ્ઞાનનો ઉપયોગ કરીને) ના સ્વતંત્ર અભ્યાસ માટે સુગમતા કરી આપો અને તેનાં પરિણામોની વ્યાપક જાહેરાત કરો;

યોજનાઓ(આંતરમાળખાં સહિત), કાર્યક્રમો,પરિયોજનાઓ અને ક્ષેત્રોના(અત્યારે જેને મુક્તિ આપવામાં આવી છે, જેવા કે, મોટા પાયાની પૂનઃપ્રાપ્ય ઉર્જા યોજનાઓ) સ્વતંત્ર રીતે હાથ ધરવામાં આવેલ, સહભાગી, સર્વગ્રાહી પર્યાવરણીય પ્રભાવ અને આકારણી મારફત સહિત આર્થિક આયોજન સ્થાનિકથી રાષ્ટ્રીય તમામ કક્ષાએ આ મર્યાદાઓનું સન્માન કરે છે તેની ખાતરી કરો; આવી આકારણીને યોજનાઓના પ્રસ્તાવકર્તા કે મંત્રાલયો/સંસ્થાઓ, જેના કાર્યક્રમો અને યોજનાઓની આકારણી કરવામાં આવે છે તેના કરતાં મૂળ બજેટ દ્વારા ભંડોળ આપવામાં આવેં તે જરૂરી છે;

કુદરતી પારિસ્થિતિકી, જૈવ વૈવિધ્યતા અને જેઓનાં અસ્તિત્વ ઉપર જોખમ છે તેવા વન્ય જીવન ઉપર વિશેષ ધ્યાન આપીને તેની જાળવણી અને નિર્વાહ ઉપર ઉચ્ચ પ્રાથમિકતા આપો; વન અધિકાર કાયદા હોઇ)તમામ રુઢીગત પગલાંઓનું નવસંસ્કરણ કરો અને શ્રેષ્ઠ ઉપલબ્ધ પારંપરિક અને આધુનિક જ્ઞાનનો ઉપયોગ કરો;

વનો, જળ પ્લાવિત જમીનો, ઘાસીયા ભૂમિ, કિનારાઓ, દરિયાઈ વિસ્તારો અને અન્ય આવી પારિસ્થિતિકો કે જેના ઉપર સમુદાયો નિર્ભર છે તે સામાન્ય (કે તેને ફરી તે મુજબ લાવવામાં આવે) માટે બની રહે જેનો વહિવટ કેન્દ્રનાં મહિલાઓની સહકારી સંસ્થાઓનાં કેન્દ્રીય સામેલીપણા અને સામાન્ય ઉપર મહતમ આધારિત છે તેવી ગ્રામ સભાઓ, મોહલ્લા સભાઓ, કે પારંપરિક શાસન સંસ્થાઓ પાસે રહે તેની ખાતરી રાખો;
જૈવ વિવિધ્યતા નુકશાન, આબોહવાનાં સંકટો, ઝેરી અને પ્રદૂષણ સહિતના વૈશ્વિક સમસ્યાઓમાં ભારતના હિસ્સાની આકારણી કરો અને એક જવાબદાર વૈશ્વિક નાગરિક હોવાના નાતે પગલાંઓ લો, સાથે સાથે અન્ય દેશો કે જેઓ આવી સમસ્યાઓ માટે મુખ્યત્વે જવાબદાર છે તેના માટે કામગીરીની જરૂરીયાતની ભારપૂર્વક રજૂઆત કરો;

આવી વૈશ્વિક પર્યાવરણીય સમસ્યાઓની ભારતની જૈવ વિવિધતા અને લોકો ઉપરની ચાલુ કે સંભવિત અસરની આકારણી કરો, અને આવી અસરોને આનંદદાયક બનાવવા માટે તાત્કાલિક પગલાંઓ લો, ખાસ કરીને જ્યાં તે સીમાંત લોકોને અસર પહોંચાડી રહી છે કે સંભવત: પહોંચાડી શકે છે;

વધારે મહતમ અસરની સંભાવનાઓ થવાની છે તેવા સમુદાયો, નાગરિક સમાજ સંસ્થાઓ અને અન્ય સ્વતંત્ર નિષ્ણાતોની વ્યાપક સહભાગીતા સાથે તેને વધારે મજબુત અને અસરદાર બનાવવાની દ્રષ્ટીએ ઉપશમન અને અનુકૂલનમાં નોંધપાત્ર વધારો કરવા, ઉત્સર્જન ટોચ માટેનાં ચોક્કસ લક્ષ્ય અને આત્યંતિક અને અનિયમિત વરસાદ જેવાં આબોહવા બદલાવ સંબંધી ઘટનાથી અસરગ્રત થયા હોય તેવા લોકોને અગ્રતા આપતી કામગીરી માટે આબોહવા બદલાવ અંગેની રાષ્ટ્રીય કાર્ય યોજના (NAPCC) અને રાજ્ય આબોહવા કાર્ય યોજનાઓની સમીક્ષા અને સુધારણા/પુનરાવર્તન માટે સુગમતા કરો;

ઝડપથી વધતી જતી કાર્બન અને ગ્રીન ક્રેડીટ બજાર અને ભારતમાં કાયદાકીય જોગવાઇઓ, ખાસ કરીને તેમાં લોકતાંત્રિક નિર્ણય લેવાના અભાવની ટીકાત્મક સમીક્ષા કરો; શું સમુદાયો (ખાસ કરીને અતિ સીમાંત)ને ખરેખર લાભ થાય છે, અને શું આબોહવા સંકટને ઘટાડવામાં કોઇ અસર છે. વધારે ધ્યાન ઉપર કેન્દ્રીત કરો અને આબોહવા ઉપશમન અને અનુકૂલન જેવા કે, કુદરતી પારિસ્થિતિકીનું સામુદાયિક સંરક્ષણ અને સજીવ ખેતીમાં રૂપાંતરમાં લોકપ્રેરિત વૈકલ્પિક અભિગમ માટે લોક સમર્થન પૂરું પાડો;

NAPCC અને નેશનલ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ (NDRF) સહિતનાં તમામ આબોહવા અને અન્ય દુર્ઘટના આયોજનમાં, અનુસૂચિત જાતિઓ તેમજ જન જાતિઓ ની જરૂરતોનો ખ્યાલ રાખવામાં આવે અને આને પહોંચી વળવા માટે યોગ્ય તમામ અંદાજપત્રીય ફાળવણી કરવામાં આવે તેની ખાતરી કરો; આવી ફાળવણીને અનુસૂચિત જાતિઓ તેમજ જન જાતિઓ પેટા યોજનાઓ અને સ્ટેટ ડીઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, અનુસૂચિત જાતિઓ નાં કલ્યાણ માટેની ફાળવણી અને ST નાં કલ્યાણ માટેની ફાળવણી જેવા અન્ય સંબંધિત કાર્યક્રમોમાં તૈયાર કરવામાં આવે;

ઉપર જણાવેલ વૈકલ્પિક આબોહવા બદલાવ અભિગમ સાથે પણ જોડાણ કરીને, સ્થાનિક પર્યાવરણીય સંદર્ભની અનુકૂળતાની પધ્ધતિનો ઉપયોગ કરીને અર્થસભર રોજગારી અને આજીવિકાનો આધાર બનાવીને જમીન અને પાણીનાં નવજીવન માટે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમની પહેલ કરો;

આવતા ૧૦ વર્ષો દરમિયાન, જંતુનાશકો અને સફાઇ દ્રવ્યો અને અન્ય કેટલાય જોખમી રસાયણો અને ધાતુઓ જેવી ઝેરીલી પેદાશોને તબક્કાવાર દૂર કરીને પર્યાવરણીય સંવેદી અને સલામત (માનવ અને પશુ આરોગ્ય માટે) વિકલ્પો સાથે બદલાવો;

શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણ દૂર કરીને તમામ જળાશયોને સ્વચ્છ કરવાને ઉચ્ચ અગ્રતા આપો, અને અવાજને સ્વીકાર્ય સ્તર સુધી નીચે લાવો; વાયુ પ્રદૂષણ સંકટ સાથે જે લાખો લોકોનાં દર વર્ષે મૃત્યુ નિપજાવે છે, તેઓનાં માનસિક આરોગ્યને અસર પહોંચાડે છે તેની સાથે કટોકટીના આધારે કામ લો;
સૌથી પહેલાં (પારંપરિક કે નવા વિકલ્પો વાળી પેદાશોનો ઉપયોગ કરો જે પર્યાવરણ માટે સલામત છે) પર્યાવરણ માટે તો કચરો પેદા થતાં રોકવાને ઉચ્ચ અગ્રતા આપવી સાથે બિલકુલ કચરો જમા ન થાય તેને પ્રોત્સાહન આપો અને ઉત્તેજન આપો, ઝેરીલો કચરો બનાવતી પેદાશો ઉપર અને જ્યાં સંપૂર્ણ ઉપયોગ કર્યા પછી પણ નકામી સામગ્રીનો હજી ઉપયોગ કરવામાં આવે છે તેના ઉપર પ્રતિબંધ, પૂન:હેતુલક્ષી, ફરીથી ઉપયોગમાં લેવાથી કે કોમ્પોસ્ટીન્ગ કરીને તેનું ઉપયોગી પેદાશમાં રૂપાંતરણ કરો;

ધોરણો નક્કી કરવા, રાજ્યો અને અન્ય સંસ્થાઓ દ્વારા પાલનનું નિયંત્રણ કરવા અને નાગરિકો માટે ફરિયાદ નિવારણ મંચની જોગવાઇ કરવા માટે ચૂંટણી પંચ અને C A G ની જેમ સ્વતંત્ર બંધારણીય દરજ્જા સાથેનું એક રાષ્ટ્રીય પર્યાવરણ પંચ/નેશનલ એન્વાયરમેન્ટ કમીશનની સ્થાપના કરો.

એ બાબતની ખાતરી કરો કે, રાષ્ટ્રીય અને રાજ્યોનાં બજેટોના ઓછામાં ઓછા ૫ % ઉપર જણાવેલ પ્રવૃતિઓ માટે સમર્પિત હોય;

**વસાહતો**

લાખો લોકો ગંભીર અપર્યાપ્ત રહેઠાણ અને અન્ય સવલતો સાથે અને તેઓનાં કામકાજનાં સ્થળે જોખમી પરિસ્થિતિઓમાં શહેરોમા ભયાનક હાલતમાં રહે છે અને કામ કરે છે. જ્યાંથી સંપદા લઇ લેવામાં આવે છે અને જ્યાં શહેરી કચરાનો ઉકરડો કરવામાં આવે છે તે ગ્રામ્ય વિસ્તારો ઉપર વ્યાપક અસર સાથે શહેરીકરણની પ્રક્રિયા પોતે જ આડેધડ અને પર્યાવરણીય બિનટકાઉ રહી છે. ઘણાં ગામડાંઓમાં,સગવડો અને સુવિધાઓની અપર્યાપતા જોવા મળે છે, અને અર્ધ-ગ્રામ્ય અર્ધ-શહેરી વસાહતોમાં વિશિષ્ટ ' સ્ટૂલ વચ્ચે પડવાની' પરિસ્થિતિ છે જેમાં નાણાંકીય સંપદા અને આયોજન અને વધારે મોટા શહેરી વિસ્તારને મળતું હોય તેવું લક્ષ્ય નથી કે ન તો ગ્રામ્ય સ્વનિર્ભરતાની જરા પણ શક્યતા. આ પડકારોના સંદર્ભે, અને વધારે ટકાઉ, ન્યાયસંગત, ઉચિત અને પહોંચી શકાય તેવી વસાહતો કેટલીક પ્રેરણાત્મક પહેલો ખડી કરવા તરફ કેટલાંક પગલાંઓની જરૂર છે.

પર્યાવરણીય અને સામાજીક અસરની આકારણીઓ કરો, અને તમામ શહેરી આયોજન અને બજેટની પ્રક્રિયા માટે વિસ્તાર/વોર્ડ/પડોશની સહભાગીતાને ૭૪મા બંધારણીય સુધારા (ઉપર 'લોકશાહી' જુઓ)હેઠળ યોગ્ય કાયદાઓ અને યોજનાઓને આદેશાત્મક કરો;

નગર અને શહેરનાં આયોજનને એવી રીતે રૂપાંતરિત કરો જે પરિવાર માટે કામ, ઘર, ખરીદી અને નવરાશને એકબીજાની વધારે નજીક લાવે, જે આવશ્યક સેવાઓ માટે સફર કરવાની જરૂરતને ન્યુનતમ કરે;

ટકાઉ બાંધકામ, સ્થાપત્ય અને આવાસને ઉત્તેજન અને પ્રોત્સાહન આપો જે સૌને માટે સન્માનીય અને પહોંચપાત્ર હોય, સ્થાનિક સામગ્રીનો મહતમ ઉપયોગ કરો, કદ ઉપર એક નિયંત્રણ મૂકો, આસપાસની કુદરતી ભૂમિ અને પ્રકૃતિ-ચિત્રનું સન્માન કરો અને સમાજના આર્થિક અને સામાજીક સીમાંત વર્ગને અગ્રતા આપો;

સ્થાનિક વિતરીત ઉર્જા ઉત્પાદન, જળલણણી અને જવાબદાર ઉપયોગ અને અન્ય શહેરી નિવાસીઓની પાયાની જરૂરીયાતોને મહતમ કરવાનાં અને લાંબાં અંતરનું પ્રવાહન,અને શહેરોનાં નકારાત્મક પદચિન્હોની ગ્રામ્ય વિસ્તારો ઉપર અસરને ન્યુંતમ કરવા માટેનાં પગલાંઓને પહેલ કરો;

જૈવ વૈવિધ્યતાને કુદરતી પારિસ્થિતિકીનું સંરક્ષણ કરીને શહેરી આયોજનમાં સંકલિત કરો, વાડી બગીચા સહિતમાં દેશી વનસ્પતિને મહતમ કરો અને સ્થળાંતર પરસાળો પૂરી પાડો;

તમામ ગ્રામ્ય અને અર્ધ-ગ્રામ્ય વિસ્તારોમાં તેઓની પર્યાવરણીય અને સંસ્કૃતિક પરિસ્થિતિઓને યોગ્ય, ઉપલબ્ધ સ્થાનિક કુશળતા, જ્ઞાન અને સંપદા ઉપર અને તમામ સ્થાનિક સામાન્યો (ઉપર 'લોકશાહી' જુઓ)સહિતની સ્વશાસનની સ્થાનિક સંસ્થાઓને સંપૂર્ણ પાયાની જરૂરતો અને સવલતો પૂરી પાડવાની સુગમતા કરો;

તમામ જાહેર/સામાન્ય જગાઓનું, હરિયાળા વિસ્તારો, ભીની જમીન, બગીચાઓ, પર્વતો અને તેના જેવા સહિતનાનું રક્ષણ કરો અને જ્યાં ખાનગી હેતુઓ માટે લેવામાં આવી હોય ત્યાં તેને નવપ્રાપ્ત કરો, જે દરેક પડોશમાં અને સમગ્રતયા વસાહત માટે અગત્યનાં છે;

તમામ વસાહતોને મૈત્રીપૂર્ણ, રમણીય અને ચાલવા અને સાયકલ ચલાવવા માટે બનાવો;

## પરિવહન અને ગતિશીલતા

ભારતમાં પરિવહન અને ગતિશીલતાની પધ્ધતિમાં તાજેતરના દાયકાઓમાં નોંધપાત્ર પ્રમાણમાં સુધરી છે, તેમ છતાં પણ અપર્યાપ્તતા, અચાનક અગ્રતા (દા.ત. નાના પાયાનાં ગ્રામ્ય જોડાણ ઉપર મુખ્ય માર્ગો) અને પર્યાવરણીય નુકશાનની ગંભીર સમસ્યાઓથી ત્પીડિત છે. ગતિશીલતાની કેટલીક રીતોની પહેલો. ટકાઉ, ન્યાયોચિતતાને ઉતેજન આપવા અસ્તિત્વ પણ ધરાવે છે અને નીચેની બાબતે પગલાં લેવાના આધાર બની શકે;

વ્યાપક જાહેર પરિવહન (ખાસ કરીને બસો) અને બિન યાંત્રીક સાધનો (સાયકલ ચલાવવી, પગે ચાલવું) જેવી બાબતોને ઉચ્ચ પ્રાથમિકતા સાથે, બન્ને,શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહનના ટકાઉ, પહોંચક્ષમ અને ન્યાયોચિત સાધનોને ઉચ્ચતમ પ્રાથમિકતા આપો, જેમાં અપંગતા ધરાવતા લોકો અને વરિષ્ઠ નાગરિકો માટે છેલ્લા કિલોમીટર સુધીનાં જોડાણની ખાતરી આપવી જોઇએ;

ભારે કરવેરા, વિસ્તાર/સમય જે તેઓ માટે હદ બહાર છે અને રસ્તા ઉપર ન્યુનતમ જગા સાથે ખાનગી યાંત્રીક વાહનો, ખાસ કરીને મોટરગાડીઓને પ્રોત્સાહન ઓછું કરવું.
સલામતિ માટે અને ઉર્જાના ઉપયોગને ઇષ્ટતમ કરવા માટે રસ્તા ઉપરની અવરજવર/ટ્રાફીકની ઉપર એક મર્યાદાની શરુઆત કરો;

## શીખ, શિક્ષણ અને જ્ઞાન

જ્યારે શિક્ષણ અને શીખવાની તકો અને માહિતી અને જ્ઞાનને વિસ્તૃત કરવા માટે નોંધપાત્ર ગતિ કરવામાં આવી છે, ભારત શીખવા અને શિક્ષણમાં બહુઆયામી સંકટોનો સામનો કરી રહ્યું છે. જેમાં મોટા ભાગનાં ગામડાંઓ અને શહેરના વધુ ગરીબ વર્ગોમાં, ખાસ કરીને સીમાંત કે સમાજના વિશેષ જરૂરીયાતવાળા વર્ગો જેવા કે, દલિતો, પશુપાલકો, આદિવાસીઓ, 'અપંગો' અને મહિલાઓના સંબંધે અપર્યાપ્ત અને/અથવા અયોગ્ય પધ્ધતિઓ અને સગવડોનો સમાવેશ થાય છે; મોટા ભાગના ભારતના શાળાઓ અને કોલેજો અસલી વધારે શીખવાનાં અને સર્વાંગી માનવ વિકાસનાં સ્થળ ન હોઇ માહિતીની ઉપરછલ્લી ગોખણપટ્ટી કરાવે છે; પ્રભાવશાળી આર્થિક પધ્ધતિઓમાં વધારે જડતા અને અભિગમ ધરાવતી આવી સંસ્થાઓ બંધબેસે છે; એકસમાન ઉપર નીચેની નીતિઓ જે સ્થાનિક પરિસ્થિતિઓ અને શિક્ષણમાં નવીનતાની વિવિધતાનો (માતૃભાષાઓ સહિત) અનાદર કરે છે; વિદ્યાર્થીઓમાં વ્યક્તિવાદી, સ્વાર્થી, દુશ્મનાવટભરી સ્પર્ધાત્મક મૂલ્યોની લાલચ; આધુનિક, ઔપચારિકો દ્વારા પારંપરિક અને સ્થાનિક જ્ઞાનનું દમન અને ધોવાણ; અને રાષ્ટ્રીય માર્ગદર્શિકાઓમાં પ્રગતિશીલ નીતિ નિયમનનાં અપર્યાપ્ત અમલીકરણ જે સ્થાનિકે વધારે સુસંગત, કામગીરી આધારિત અભિગમોનો આદેશ આપે છે. .બીજી બાજુ, સમુદાયો, નાગરિક સમાજો અને સરકારી સંસ્થાઓ દ્વારા વધારે અર્થસભર શીખ અને શિક્ષણ અને બહુઆયામી જ્ઞાન પધ્ધતિનાં લોકતાંત્રીક ઉત્પતિ અને પ્રસારણ માટે ઘણી બધી નવીનતા માટેની પહેલો પણ છે. આ સંદર્ભે,નીચે જણાવેલ પગલાંઓની એક જરૂરત છે;

પર્યાવરણ અને કુદરત સાથે, સમુદાયો સાથે, પોતાનાં શરીર અને મન સાથે અને સમગ્રતયા માનવતા સાથે

સતત કે નવીકરણ કરેલ જોડાણ માટે સમર્થ કરેલ અને જે પૃથ્વી આધારિત છે તે શીખ અને શિક્ષણ માટે જગા અને તક ઉભી કરવા માટેની પહેલોને પ્રોત્સાહિત કરો.

દરેક શીખનાર પાસે સર્જનાત્મકતા અને નવીનતા માટેની ક્ષમતા છે અને તેની ટીકાત્મક અને સાકલ્યવાદી વિચાર અને કાર્ય શક્તિને પ્રોત્સાહન આપીને સામૂહિક અને વ્યક્તિગત ક્ષમતા અને સંબંધોની સંપૂર્ણ શ્રેણીને પોષણ આપતું શીખ વાતાવરણ ઉભું કરો;

ઔપચારિક પ્રણાલી અનૌપચારિક લોકો આધારિત શીખ, પારંપરિક અને આધુનિક, સ્થાનિક અને વૈશ્વિક, સિધ્ધાંત અને વ્યવહારુનાં સંયોજન (દા.ત.નઇ તાલીમ અભિગમનાં શિર્ષ, હૃદય અને હાથ) વચ્ચેની સુસંગતતાને પ્રોત્સાહન આપો; ;

વિભિન્ન સાંસ્કૃતિક, પર્યાવરણીય અને સામાજીક પરિસ્થિતિઓ સાથે સંબંધિત અને અનુકૂળ, ખાસ કરીને આદિવાસીઓ, પશુપાલકો, માછીમારો, પર્વતો અને તેવા અન્ય સમુદાયો જેના પાસે અભિગમોનો સમૃધ્ધ ઇતિહાસ અને વારસો છે પરંતુ શહેરી કેન્દ્રો દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ એકસમાન પધ્ધતિનાં લાદેલ ભારણ પ્રત્યે નિર્બળ છે તેના માટે વૈકલ્પિક શીખ અને શિક્ષણને એક શ્રેણી માટે સમર્થ કરો; અને આવા અભિગમોને રાઇટ ટૂ એજ્યુકેશન એક્ટ/ શિક્ષણ માટેના અધિકાર કાયદામાં માન્યતા મળે તે માટે સમર્થ બનાવો;

આવી શીખ અને શિક્ષણમાં સુગમતા કરી આપવા માટે સરકારી સહિતની જાહેર સંસ્થાઓની જવાબદેયિતા માટે યંત્રણા તૈયાર કરો અને તેને ખાનગી સંસ્થાઓ ઉપર પ્રાથમિકતા આપો;

સર્જનાત્મક અભિગમોની વિભીન્નતા સાથે પુખ્ત લોકો માટે શીખવા માટે મોટી જગા બનાવો/ઉભી કરો;

કળા, હસ્તકળા,રંગમંચ, નૃત્ય અને અન્યો સહિત જુદા જુદા સંચાર/વાતચીત અને શિક્ષણ આપવાનાં સાધનો/ઢબના ઉપયોગ માટે સુગમતા કરી આપો;

ઉપર જણાવેલ બધા માટે શિક્ષક તાલીમ સંસ્થાઓ અને પ્રક્રિયાઓનું નવસંસ્કરણ કરો;

શીખ અને શિક્ષણ માટે G D P ના ઓછામાં ઓછા ૬%ની ફાળવણી કરો;

ન્યુનતમ ગુણવતા ધોરણોની ખાતરી રાખતાં, નવીનતાપૂર્ણ શિક્ષણ વાતાવરણની વ્યાપક વિભિન્નતાને ખીલવા માટે સમર્થ કરવા માટે શિક્ષણ માટેના અધિકાર કાયદા/ રાઇટ ટૂ એજ્યુકેશન એક્ટમાં સુધારો કરો;

ઉચિત પરફલનને અને જ્ઞાનના આધુનિક અને પરંપરાગત, વૈજ્ઞાનિક અને બિન વૈજ્ઞાનિક, ઔપચારિક અને અનૌપચારિક અને શહેરી અને ગ્રામ્ય વર્તુળો વચ્ચેના સહયોગને પ્રોત્સાહન આપો;

ખુલ્લા સ્ત્રોત, સર્જનાત્મક જાહેર/સામાન્યો અને અન્ય આવી પધ્ધતિઓને સમર્થન સહિત જ્ઞાનને ખાનગી માલિકીના કે નિયંત્રીત જણસ/ચીજવસ્તુઓ કરતાં 'જાહેર'ના એકભાગ તરીકે વિકસાવવાની પહેલોને પ્રોત્સાહન આપો;

મૌખિક પધ્ધતિઓ અને વાર્તા કરવા જેવાં પારંપરિક સ્વરૂપો સહિત જ્ઞાન પ્રસારનાં વિવિધ સ્વરૂપો માટે સન્માનને પ્રોત્સાહન આપો;

## પ્રચાર માધ્યમ

પ્રચાર માધ્યમ (છાપકામ,ડીજિટલ, ‘સામાજીક’) ખાનગી નિગમો/કોર્પોરેશનો અને રાજ્ય દ્વારા વધતું જતું અવરોધન, ‘ખોટા’ અને બનાવટી સમાચારોનો પ્રસાર, અસહમતિના અવાજનો દુશ્પ્રચાર કે દમન અને રાજ્યની દમનકારી કામગીરી સહિત સ્વતંત્ર પ્રચાર માધ્યમને સામનો કરવો પડતો સંઘર્ષ. આ સંદર્ભે અને કેટલીક નવીનતાના ઉદભવ, લોકતાંત્રીક પ્રચાર માધ્યમની પહેલોમાંથી મળેલ પાઠ/શીખમાંથી નીચે જણાવેલ પગલાંઓની જરૂર છે;

ટીવી,રેડીઓ અને અન્ય ખરેખર સ્વતંત્ર માધ્યમ ઉપર રાજ્ય પ્રાયોજીત મંચ બનાવવા સહિત જુદાં જુદાં સ્વરૂપમાં સ્વતંત્ર પ્રચાર માધ્યમને જાહેર/લોક સમર્થન પૂરું પાડો;

વૈકલ્પિક પ્રચાર માધ્યમ પહેલો, માહિતી માટે સમર્થ કરવા અને સશક્ત કરવા સંવાદ માટે પ્રચાર માધ્યમના નવીનતાપૂર્વક ઉપયોગ માટે સુગમતા કરો અને તેને માન્યતા આપો અને એક પ્રક્રિયા જે પ્રચાર માધ્યમને (લોકોની પહોંચના સ્વરૂપે) માત્ર વિશિષ્ટ વ્યવસાય બનાવવાને બદલે તેને નાગરિકોની રોજબરોજની જિંદગી નો એક ભાગ બને;

સામાન્ય રીતે ઉપેક્ષિત, દૂરસ્થ માનવામાં આવતી કે બિન જોડાયેલ જગામાં માહિતીની પહોંચને મુક્ત કે સરળ (બહેતર જોડાણ/કનેક્ટીવિટી મારફત)બનાવતી હોય તેવી પ્રક્રિયાઓની શરૂઆત કરો

જાહેરાતોને નિયંત્રીત કરો અને એ બાબતની ખાતરી રાખો કે તે ગેરમાર્ગે દોરતી, અરુચિકર/અપમાનજનક અને આક્રમક ન હોય, ખાસ કરીને તે કે જે બાળકોલક્ષી હોય; આવી જાહેરાતો વિરુધ્ધ નાગરિકોને કાયદેસરનાં અને અન્ય પગલાંઓ લેવા માટે સક્ષમ બનાવો;

સરકાર દ્વારા માહિતી નિયમન સહિત મુક્ત વાણી ઉપર મનસ્વી રોક લગાવતા હોય તેવા તમામ કાયદાઓને દૂર/રદ કરો કે તેમાં સુધારા કરો;

સરકારી પ્રભાવથી મુક્ત, પ્રચાર માધ્યમ સંબંધિત સ્વતંત્ર કાનૂની પરવાના આપતી અને નિયંત્રણ કરતી એક સ્વતંત્ર સત્તાની સ્થાપના કરો;

અણબનાવ, તિરસ્કાર અને સંઘર્ષ લક્ષિત સહેતુક ખોટા, ગેરમાર્ગે દોરતા અને વિકૃત સંદેશાઓ, 'સમાચાર' અને વિશ્લેષણ સામે આકરી કાર્યવાહી કરો, સાથે સાથે એ બાબતની ખાતરી રાખો કે, આવી કાર્યવાહીનો દરેક ભારતીયોના વાણી સ્વાતંત્ર્ય અને અંગત ગોપનિયતાનાં રક્ષણના મૂળભૂત અધિકારો સાથે ટકરાવ નથી થતો અને તેનો દુરુપયોગ નથી થતો તેની ખાતરી રાખો;

## કાયદો, ન્યાય અને રિવાજો

બંધારણની વિકેન્દ્રીકરણની ભાવના અને શબ્દો હોવા છતાં, અને કાયદા, નીતિઓ, અને વધારે પહોંચક્ષમ અને સહભાગી ન્યાય પધ્ધતિ બનાવવામાં ખરેખર લાભ થયા હોવા છતાં, ભારતમાં કાયદાનાં ઘડતર અને અમલીકરણમાં અને ન્યાય પ્રણાલીઘણી જ કેન્દ્રીત પધ્ધતિ ચાલુ છે જે ઘણીવાર સમાજના સીમાંત લોકો માટે કામ નથી કરતી અને વણ ઉકેલાયલા અને વણ સંભળાયેલા દાવાઓનાં વજન હેઠળ થાય છે. કાયદાઓ અને રિવાજોનાં ઉલ્લંઘન સાથે કામ કરવામાં મુખ્યત્વે શિક્ષાત્મક માર્ગો પણ અપનાવવામાં આવ્યા છે, જેનો સંપૂર્ણ દોષ વ્યક્તિઓ ઉપર ઢોળવામાં આવ્યો છે, જે ખરેખર આવી વર્તણુક માટે અંતરગત વ્યવસ્થિત કારણોનો ઉકેલ

નથી લાવતાં. . તેનાં પ્રતિવલણ તરીકે, ન્યાય અને કાયદાનાં ઘડતરના કેટલાય નવીન અભિગમો અસ્તિત્વ ધરાવે છે, જે વસ્તુને અલગથી કેવી રીતે હલ કરી શકાય તેના પાઠપૂરા પાડે છે. આ બાબતે નીચે જણાવેલ પગલાંઓની જરૂર છે:

દિવ્યાંગ લોકોને કાયદા સમક્ષ માટે સમાન માન્યતા અને સમર્થિત નિર્ણય લેવા માટેની માન્યતા.

કાયદાનાં ઘડતર, શાસન, અને અમલીકરણમાં લોકોની વ્યાપક સહભાગીતા જેમાં આવી પ્રક્રિયાના એક ભાગ તરીકે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનાં સશક્તિકરણનો આદેશાત્મક સમાવેશ થતો હોય તે માટે સક્ષમ બનાવો;

એ બાબતની ખાતરી રાખો કે, તમામ કાયદાઓમાં તેનાં અમલીકરણમાં લોક સહભાગીતાનો મૂળ ઘટક હોય, અને સત્તાધીશો કે જેઓ કાયદાઓની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે કે અમલીકરણમાં હેતુપૂર્વક અવરોધ ઉભા કરે તેઓ વિરુધ્ધ પગલાંઓ લેવા માટે સક્ષમ કરે;

એવા લોકો કે જેઓ સામાજીક કે આર્થિક સીમાંતપણાને કારણે ન્યાય સંસ્થાઓ સુધી પહોંચવામાં મુશ્કેલી અનુભવે છે તેઓ માટે ન્યાય સંસ્થાઓ સુધી પહોંચવા અને નિવારણ સુધીની પહોંચ વધારો; જે લોકો માટે પોતાની રીત કાયદા નિવારણ પોષાય તેમ નથી તેઓ માટે અસરકારક જાહેર સમર્થન બનાવો અને વધારો;

ઔપચારિક, વૈધાનિક કાયદા અને સામાજીક ધોરણો અને રિવાજો વચ્ચે તંદુરસ્ત સંબંધની સુગમતા કરો, જે દરેક અન્યને ન્યાયનાં હિત, ઔચિત્ય, વ્યાજબીપણું અને ટકાઉપણાને સક્ષમ બનાવે છે અને ચકાસે છે, ઔપચારિક નિયમો/કાયદાઓને માત્ર ઉપરમાંથી લાદવાની જરૂર કરતાં જીવનના માર્ગોનાં(બાળપણથી શરુ કરીને) ધોરણોને વ્યાપક આધાર તરીકેના પ્રયત્નો વધારો:

અંગત અભિગમ (દા.ત.જાતિ/લૈંગીક પસંદગી) આધારિત 'તફાવત' બદલે શું 'શિક્ષાપાત્ર' માનવામાં આવે છે તેનાં અન્યને નુકશાનને મૂળભૂત માપદંડ સાથે 'ગુન્હો' કે 'ગેરકાયદેસર' શું છે તેને વ્યાપક નજરે જોવા કાયદાનાં શાસનને સુધારો: અને જેલ જેવાં રુઢીગત સજા જેવાં સ્વરૂપોને બદલે નિવારણ, પૂનર્વસન અને વર્તણુકમાં ફેરફાર જેવાં પગલાંઓને પ્રાથમિકતા/અગ્રતા આપો; ;

**ફાંસીની સજા નાબૂદ કરો**;

ન્યાય, ઔચિત્ય અને વ્યાજબીપણાંની ખાતરી માટે સુધારાઓ લાવતાં કે પગલાંઓ ભરતાં, વિકેન્દ્રીત ન્યાયાલય અને પંચાયતો સહિત ધોરણો અને કાયદાઓનાં ઉલ્લંઘનો, પારંપરિક વિવાદ નિવારણ/ઠરાવ યંત્રણા, લોકપાલો અને અન્ય આવી નવીનતાઓ સાથે કામ પાડતાં વ્યાપક સમુદાય સહભાગીતાને સક્ષમ બનાવો;

ગેરકાયદેસર પ્રવૃતિ નિવારણ કાયદો, ૧૯૬૭, રાષ્ટ્રીય સલામતિ કાયદો, IPC હેઠળની રાજદ્રોહ કલમ અને અન્ય તેના જેવા કાયદાઓ અને જોગવાઇઓને રદ કરો, જેનો બંધારણની ભાવના અને વ્યાજબીપણું અને ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધ વ્યક્તિગત નિવારકતા સાથે અટકાયત કરવા દુરુપયોગ કરવામાં આવે છે; એ બાબતની ખાતરી કરો કે ભવિષ્યમાં આવા કોઇ કાયદાઓ ઘડવામાં નહીં આવે;

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇંવેસ્ટીગેશન/CBI અને એન્ફોર્સમેન્ટ ડીરોક્ટેરેટ/ED ના રાજકીય ફાયદા માટેના દુરુપયોગનું નિવારણ કરીને તેઓની સ્વતંત્રતા અને અખંડિતતાની ખાતરી રાખો.

**વૈશ્વિક સંબંધો**

ઘણા મોરચે દુનિયાનું ધ્રુવિકરણ થઇ ગયું છે, અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષો અને વૈશ્વિક લોકોના વિનાશ સાથે કામ પાડતાં કરતાં સંયુક્ત રાષ્ટ્રોનો મિશ્રિત  રેકોર્ડના સંદર્ભે વૈશ્વિક સંબંધોમાં ભારતે અપનાવેલ પારંપરિક બિન જોડાણ, પીડિતો તરફી અને સ્વતંત્રતા તરફી ભૂમિકામાં એક દેખીતો ઘટાડો જોવા મળે છે.  તેમ છતાં, ભારત હજી પણ ઘણી વખત ઉચિત, વ્યાજબી દુનિયાની વિચારધારાને ભારપૂર્વક રજુ કરે છે જ્યાં માનવીય અધિકારો અને પર્યાવરણીય ટકાઉપણાને સમર્થન મળે છે. આ સંદર્ભે નીચે જણાવેલ પગલાંઓ જરૂરી છે;

રાજ્ય, નાગરિક સમાજ, નાગરિક કે બહુપાર્શ્વિય પહેલોને પ્રોત્સાહિત કરો અને સુગમતા કરી આપો જે પ્રવર્તમાન લડાયક અને ભૂરાજકીય હરિફાઇ દ્વારા પૂરાં પાડવામાં આવતાં બળતણ દ્વારા  અતિ સ્પર્ધાત્મક આંતરરાષ્ટ્રીય સંબંધોના વિકલ્પો રજુ કરે છે;

આ મુદ્દાઓ અંગેના સંયુક્ત રાષ્ટ્રોના ઘણા કરારોનાં મજબૂત અમલીકરણ સહિત, માનવ અધિકારો, પર્યાવરણીય, સામાજીક-સાંસ્કૃતિક અને આંતરરાષ્ટ્રીય અને વૈશ્વિક સંબંધોમાં અન્ય મૂલ્યોમાં વધારો કરવા માટે સક્રિયતા સાથે આગળ વધારો

મુત્સદગીરીના આદેશ તરીકે સંકુચિત રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને રાષ્ટ્રીય શ્રેષ્ઠતા જેવી કલ્પનાઓ/તર્કોને બદલે સામૂહિક માનવ સુખાકારીના અભિગમના સમર્થક/હિમાયતી બનો;

જે દેશો સંસ્થાનવાદી સત્તાઓ હતા, દુનિયા ઉપર વિધ્વંશ/સર્વનાશ ઘડતર( આબોહવા અને વૈશ્વિક જનતાને સહિત) ઉત્તરીય અને ઔદ્યોગીકરણ પામેલા રાષ્ટ્રોની ઐતિહાસિક જવાબદારી માટે ભાર મૂકો અને પૂનઃપ્રાપ્ય વળતર તરીકેનાં પગલાંઓને ધિરાણ સહિત તેઓનાં પર્યાવરણીય અને આર્થિક દેવાં માટે યોગ્ય નિવારણ અને ક્ષતિપૂર્તિ માંગો;

લશ્કરી, જાપ્તો અને પોલિશ ઉપરના ખર્ચાઓમાં વધારો  અને આ બધા ઉપરના ખર્ચાઓમા ઉત્તરોતર ઘટાડા માટે વૈશ્વિક મુક્તિની માંગ કરો, હથિયારોના વેપાર ઉપર વૈશ્વિક પ્રતિબંધ અને છેવટે તમામ રાજ્યો દ્વારા તમામ હથિયારોને દૂર કરવાં;

બિન રાજ્ય સંગઠનો અને સમુદાયોને કેન્દ્રીય અવાજ વ્યક્ત કરવાની જોગવાઇ પૂરી પાડવા સંયુક્ત રાષ્ટ્રનાં પૂનર્નિર્માણ મારફત  સહિત ‘રાષ્ટ્ર-રાજ્ય’ની કલ્પનાની ફેરતપાસ કરી અને દુનિયાના ‘લોકો’ વચ્ચેના સંબંધો ઉપર ભાર મૂકીને વ્યાપક વૈશ્વિક સંવાદમાં જોડાઓ;

પર્યાવરણ ઉપરના વૈશ્વિક કરાર વધારો અને ધારદાર બનાવો, ખાસ કરીને તેનાં અમલીકરણની ખાતરી સાથે વિશેષ મંજૂરીઓ કે અન્ય ચોક્કસ અસરકારક પગલાંઓ ઉમેરવા સહિત આબોહવા સંકટ, જૈવ વૈવિધ્યતામાં નુકશાન, પ્રદૂષણ અને વિષજન્યો અંગે તાત્કાલિક કાર્યવાહીને આગળ વધારો;

WTO જેવી સંબંધિત સંસ્થાઓ સહિત વૈશ્વિક વ્યાપારનાં નિયમનને વૈશ્વિક અને રાષ્ટ્રીય માપદંડોનાં અનુપાલન સાથે કામદાર, પર્યાવરણ, અને માનવ અધિકાર અંગેના કરારો આગળ વધારો; એ બાબતની ખાતરી કરો કે આવા વ્યાપારને એવી સ્વીકૃતિ ક્યારેય નહીં મળે કે જે સ્થાનિક અર્થતંત્ર અને સંસ્કૃતિને નુકશાન ઓછું કરે કે તેને કારણે ભરપાઈ ન કરી શકાય તેવું પર્યાવરણીય નુકશાન થાય;

**ભાગ ૪: યુવા ભાગીદારીને સક્રિય બનાવવાનો એક વિશેષ પરિપ્રેક્ષ્ય**

યુવાઓ માટે સશક્તિકરણ કરતી જગાઓને પ્રોત્સાહિત કરો, સમર્થન આપો અને સહનિર્માણ કરો જે સ્વયમથી-સમાજની યાત્રાઓ મારફત તેઓનાં શીખવાને અને નેતૃત્વને પોષે. તેમાં બિનનિર્ણાયક જગાઓનો સમાવેશ થશે જે જુદી જુદી અને બહુવિધ ઓળખ આરપાર યુવાઓ દ્વારા સહનેતૃત્વિત કરાશે, સામાજીક ન્યાય, ચિંતનશીલ કાર્યો (refl-action), સજીવ નવીનિકરણ, પ્રેમ, શીખ, સ્વાતંત્ર્ય, માલિકી, સહયોગ અને સહકાર, અને સામાજીક આશા ઉપર કામ કરશે અને તેનાથી પ્રેરિત થશે.આ જગાઓએ યુવાઓને શારીરિક મહેનત વાળા સહિત વિવિધ રચનાત્મક અને સર્જનાત્મક કાર્યક્રમોમાં રોકાવાની તકો પૂરી પાડવી જ જોઇએ. આ તેઓને પોતાની જાત અને તેઓનાં વિશ્વ દૃશ્ય સાથે જોડાવામાં સહાય કરશે અને તેઓમાં ઉર્જા અને વૈચારિક સ્તરને ફરીથી ભરવામાં મદદ કરશે;

યુવાઓને તેઓના અધિકારોને સાચવવા સશક્ત કરવાની પ્રક્રિયા સાથે યુવા નેતૃત્વિત, યુવા કેન્દ્રીત સંસ્થાઓ અને સશક્તિકરણ કેન્દ્રોને પ્રોત્સાહિત કરો અને માવજત કરો/પોષો; વિવિધ માધ્યમોમાં સ્વનિર્માણ, અમલીકરણ અને સ્પષ્ટ ઉચ્ચારણને સક્ષમ બનાવો, એક ધરમૂળથી પરિવર્તનશીલ યુવા દ્રષ્ટી;

તમામ કાયદાઓ, નીતિઓ, આયોજનો અને પરિયોજનાઓનાં ઘડતર, અમલીકરણ અને નિયમનમાં યુવાઓ, ખાસ કરીને નિર્બળ સમુદાયોમાંથી આવતાની વ્યાપક સહભાગીતાની ખાતરી કરો; તમામ સંબંધિત સમિતીઓમાં તેઓને આદેશાત્મક રીતે સામેલ કરવા;

ચાલુ સ્વયંસેવી પ્રક્રિયાઓનીસાથે સાથે યુવાઓની જીવન કૌશલ્ય અને મૂળ ક્ષમતાને વધારવા માટે N S S અને N Y K S જેવી સરકારી યોજનાઓમાં યુવા નેતૃત્વિત અને યુવા કેન્દ્રીત સંસ્થાઓમાં સહભાગીતામાં નોધપાત્ર વધારો કરો;

ભંડોળ, માર્ગદર્શકતા વગેરે જેવી સંપદા સુધીની સરળ પહોંચ મારફત આજીવિકા અને રોજગારીની તકો પૂરી પાડો, અને સાહસિકતા અને અર્થપૂર્ણ રોજગારી માટે ક્ષમતાને ઘાટ આપીને કે તેમાં વધારો કરીને,ખાસ કરીને પર્યાવરણીય નવજીવન અને સંરક્ષણ, સામાજીક ન્યાય, પાયાની જરૂરી સેવાઓ અનેપેદાશો, સહકારી અને સામૂહિક આર્થિક પ્રવૃતિ સાથે જોડાયેલ વૈકલ્પિક આજીવિકા વિકલ્પોને પ્રોત્સાહિત કરો;

નબળા યુવા (અગાઉથી જ ઉપલબ્ધ યોજનાઓનાં અસરકારક અમલીકરણ સહિત) માટે વિશેષ સમર્થન અને સેવાઓ પૂરી પાડો, ખાસ કરીને અપંગતા ધરાવતા લોકો, માનસિક આરોગ્યના પડકારો અને બહુજન, આદિવાસી, ધાર્મિક અલ્પસંખ્યક, LG BTQ IA + કે અન્ય સીમાંત સમુદાયો, ખાસ કરીને તેઓની યુવા સ્ત્રીઓ; એ બાબતની ખાતરી રાખો કે આવા યુવાઓ માટે શીખની જગાઓ સલામત હોય;

વસાહતના દરેક સમૂહ માટે યુવા સશક્તિકરણ કેન્દ્રો સ્થાપો, જે સલાહ, રમતગમત, મનોરંજન સગવડો, અને કારકિર્દી માર્ગદર્શક સગવડો આપે છે જે વૈકલ્પિક આજીવિકાઓ ઉપર લક્ષિત હોય;

કરવામાં આવેલ પ્રતિબધ્ધતાઓ ઉપરની પ્રગતિનો અહેવાલ રજુ કરવા અને તેનું નિયંત્રણ કરવા, વિવિધ સ્તરે યુવા સલાહકાર પરિષદ અને યુવા આયોગની સ્થાપના કરવા સહિત રાષ્ટ્રીય યુવા નીતિ અને રાજ્ય યુવા નીતિઓમાં આપવામાં આવેલ વચનોનું સન્માન કરો. જ્યાં ન હોય ત્યાં રાજ્ય યુવા નીતિઓ ઘડો;

યુવા સંબંધિત નીતિઓનાં માર્ગદર્શન અને અમલીકરણ માટે એક કાનૂની યુવા આયોગની સ્થાપના કરો;

રાષ્ટ્રીય, દક્ષિણ એસિયાઇ અને વૈશ્વિક વિનિમય કાર્યક્રમો કરો જે યુવાઓને તેઓની ક્ષિતિજો અને દ્રષ્ટીને વિસ્તૃત કરવાની મંજૂરી આપે અને આ ઘોષણાપત્રમાં વિવિધ મુદ્દાઓની આરપાર પ્રતિબિંબિત થઇ હોય તે સહિતની જાહેર નિસબતો ઉભી કરો;

**વિકલ્પ સંગમ સામાન્ય સભાના સભ્યો**

એક્શન ફોર કોમ્યુનીટી ઓર્ગનાઇઝેશન, રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ (ACCORD)
અગ્રાગમી/ AGRAGAMEE
એલાયન્સ ફોર સસ્ટઇનેબલ એન્ડ હોલિસ્ટીક એગ્રીકલ્ચર (ASHA)
ઓલ્ટરનેટિવ લો ફોરમ (ALF)
ભૂમિ કોલેજ
બ્લ્યુ રિબન મૂવમેન્ટBlue (BRM)
સેન્ટર ફોર એજ્યુકેશન એન્ડ ડોક્યુમેન્ટેશન (CED)
સેન્ટર ફોર એન્વાયરોનમેન્ટ એજ્યુકેશન (CEE)
સેન્ટર ફોર ફાયનાન્સીયલ એકાઉન્ટેબિલિટી (CFA)
સેન્ટર ફોર પાસ્ટોરાલીઝમ
ચલાકુડ્ડ્યપુઝ્હા સમારક્ષણ સમિતી/રીવર રીસર્ચ સેન્ટર
ચેતના
સી જીનેટ સ્વરા
દક્ષિણ ફાઉન્ડેશન
ડેકન ડેવલપમેન્ટ સોસાઇટી (DDS)
ડીયર પાર્ક
ડેવલપમેન્ટ અલ્ટરનેટીવ્ઝ (DA)
ડેઝર્ટ રીસોર્સ સેન્ટર (DRC)
ધાત્રી ટ્રસ્ટ
ધારામિત્ર
એકતા
ઇક્વીટેબલ ટુરીઝમ ઓપ્સન્સ (EQUATIONS)
ફોરેસ્ટ રાઇટ્સ કોઅલિશન - JK
ફાઇડે ફોર ફ્યુચર્સ- ભારત
જેને કેમ્પઇન
ગૂંજ
ગ્રીનપીસ ભારત
ઇડીઓસીન્ક મેડિઆ કોમ્બાઇન
ઇનર ક્લાઇમેટ અકાડેમી (ICA)
માર્ગશાલા ફાઉન્ડેશન
જગોરી રુરલ
કાગડ કચ પત્ર કષ્ટકારી પંચાયત (KKPKP)
કલ્પવૃક્ષ
કૃતિ ટીમ
લદાખ આર્ટ્સ એન્ડ મેડીયા ઓર્ગનાઇઝેશન (LAMO)
લેટ ઇન્ડીયા બ્રીધ (LIB)
લોકલ ફ્યુચર્સ
માધ્યમ
માટી
મહિલા કિસાન અધિકાર મંચ (MAKAAM)

મહાલિર એસોશીએશન ફોર લિટરસી અવેરનેસ એન્ડ રાઇટ્સ (MALAR)
મઝદૂર કિસાન શક્તિ સંગઠન (MKSS)
મૂવમેન્ટ ફોર એડવાન્સીન્ગ અંડરસ્ટેન્ડીન્ગ ઓફ સસ્ટઇનેબિલિટી એન્ડ મ્યુચ્યુઅલિટી (MAUSAM)
નેશનલ એલાયન્સ ઓફ પીપલ્સ મૂવમેન્ટ્સ (NAPM),
નેશનલ કેમ્પેઇન ફોર દલિત હ્યુમન રાઇટ્સ (NCDHR)
નેશનલ કોઆલિશન ફોર નેચરલ ફાર્મિન્ગ (NCNF)
નેશનલ ફેડરેશન ઓફ દલિત વૂમન (NFDW)
નિરાન્ગલ ચેરીટબલ ટ્રસ્ટ
નોન-ટીમ્બર ફોરેસ્ટ પ્રોડ્યુસ એક્ષ્ચેન્જ (NTFP-E)
નોર્થ ઇસ્ટ નેટવર્ક્સ (NEN)
ઓર્ગેનીક ફાર્મર્સ માર્કેટ (OFM)
પીપલ્સ રિસોર્સ સેન્ટર (PRC)
પિપલ્સ સાયન્સ ઇંસ્ટીટ્યુટ (PSI)
રીસ્ટોર
રીવાયટલાઇસીન્ગ રેઇનફેડ એગ્રીકલ્ચર નેટવર્ક (RRA)
રયુથુ સ્વરાજ્ય વેદીકા
સંભાવના
ફાઉન્ડેશન ફોર ઇકોનોમિક એન્ડ ઇકોલોજીકલ ડેવલપમેન્ટ (FEED)
સહજીવન
સહોદય ટ્રસ્ટ
સંગત
સ્કૂલ ફોર ડેમોક્રસી
સ્કૂલ ફોર રુરલ ડેવલપમેન્ટ એન્ડ એન્વાયરનમેન્ટ (SRDE)
શિક્ષાંતર
સ્નો લેપર્ડ કોન્ઝરવેન્સી ઇન્ડિયા ટ્રસ્ટ (SLC-IT)
સિક્કીમ ઇન્ડીજીનસ લેપ્ચા ટ્રાઇબલ એસોશીએશન
શોસીયલ એન્ટ્રેપ્યુનરશીપ એસોશીશન (SEA)
સોસાઇટી ફોર પ્રોમોટીન્ગ પાર્ટીસીપેટીવ ઇકોસિસ્ટમ મેનેજમેન્ટ (SOPPECOM)
સાઉથ એસીયન ડાયલોગ ઓન ઇકોલોજીકલ ડેમોક્રસી (SADED)/હરિત સ્વરાજ સંવાદ
ધ હિમાલયન કલેક્ટીવ
ટીમ્બકટુ કલેક્ટીવ
તીતલી ટ્રસ્ટ Titli Trust
ટ્રાવેલર્સ યુનિવર્સિટી
ટ્રાયબલ હેલ્થ ઇનિસીએટીવ (THI)
ઉર્મુલ સીમાંત સમિતી
વોટરશેડ સપોર્ટ સર્વીસીસ એન્ડ એક્ટીવિટીસ નેટવર્ક (WASSAN)
યુથ એલાયન્સ
યુગ્મ કલેકટીવ
યુવા એકતા ફાઉન્ડેશન
દિનેશ અબ્રોલ
મોહન હિરાભાઇ હિરાલાલ
ઓવાઇસ સુલતાન ખાન
સેહ્જો સિંઘ

વિકલ્પ સંગમ માટે સંપર્કો

કે જે જોય, joykjjoy2@gmail.com
શ્રુષ્ટી બાજપાઇ, shrishteebajpai@gmail.com
યશ મારવાહ, yash@letindiabreathe.org
અસ્મી શર્મા, asmixsharma@gmail.com